આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ


વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## મોટી વહીયાળમાં ખાણ ખનીજ ટીમના દરોડા

**પારનદીના પટમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતા ૩ જેસીબી મશીન અને ૧ રેતી ભરેલી ટ્રક સહિત અંદાજે રૂા. ૧ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લામાં ખનિજ માફિયાઓ સામે લાલ આંખ કરતા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી ખાણ અને ખનિજ વિભાગની ટીમે કપરાડા તાલુકાના મોટી વહીયાળ ગામે પાર નદીમાં દરોડા પાડ્યા હતા. આ ઓચિંતી તપાસમાં નદીના પટમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતા ૩ જેસીબી મશીન અને ૧ રેતી ભરેલી ટ્રક સહિત અંદાજે ૧ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. વલસાડ જિલ્લા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી ની ટીમે કપરાડા તાલુકાના મોટી વહીયાળ ગામની પાર નદીમાં મોટા પાયે ગેરકાયદેસર રેતી ચોરી થતી હોવાની બાતમી મળી હતી. જેના આધારે કચેરીની તપાસ ટીમ દ્વારા લોકેશન મેળવી ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સ્થળ પર સાદી રેતીનું ગેરકાયદેસર ખનન અને વહન થતું હોવાનું માલૂમ પડતા ખનન માટે વપરાતા ૦૩ જેસીબી (JCB) મશીન અને ૦૧ રેતી ભરેલી ટ્રક મળી કુલ ૧ કરોડનો મુદ્દામાલ સ્થળ પરથી જપ્ત કરાયો છે. વિભાગ દ્વારા સ્થળ પર કેટલી રેતીનું ગેરકાયદેસર ખનન થયું છે તે અંગેની ચોક્કસ માપણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

આ સમગ્ર મામલે ગુજરાત ખનીજ (ખાણકામ/વહન/સંગ્રહ) નિવારણ નિયમ-૨૦૧૭ મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ભૂસ્તર વિભાગની આ આકરી કાર્યવાહીથી પંથકના ખનિજ ચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## રોલાની કેએફસીમાં ફુડ વિભાગની તપાસ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ તાલુકા ના રોલા ગામે નેશનલ હાઈવે નં. ૪૮ પર આવેલ SAPPHIRE FOODS INDIA LIMITED (KFC)માં બરાબર રંધાયેલી ન હોવાની ખાદ્ય- ચીજનું વેચાણ થયા અંગેની ફરિયાદ સાથેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેને ધ્યાને લઈ તા.૧૬/૦૩/૨૦૨૬ના રોજ વલસાડ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસર એ.આર.વલવીના માર્ગદર્શન હેઠળ ફૂડ સેફટી ઓફિસર કુ. બી.કે. પટેલ દ્વારા KFCમાં તપાસણી હાથ ધરી HOT & CRISPY CHICKEN BUCKET (LOOSE) (PREPARED FOOD) તથા AMERICAN CLASSIC ZINGER CHICKEN BURGER (PREPARED FOOD) (LOOSE)ના સેમ્પલીંગની કામગીરી કરી નમૂનાઓ લેબોરેટરીમાં પૃથ્થકરણ અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

આ ઉપરાંત ઉપરોક્ત બાબતે ચોખ્ખાઈ અને આ રેસ્ટોરેન્ટ પાસે મેડીકલ સર્ટીફીકેટ તથા પેસ્ટ કંટ્રોલના રીપોર્ટ જોવા મળ્યા હતાં અને તેઓ રેસ્ટોરન્ટમાં યોગ્ય સ્વચ્છતાની જાળવણી કરતા જોવા મળ્યા હતા.

**જોઈએ છે**
**રિસેપ્શનિસ્ટ (મહિલા)**
**ઈન્ફિનિટી ઈમેર્જિંગ સેન્ટર, વાપી** ખાતે
રિસેપ્શનિસ્ટ (મહિલા) જોઈએ છે
**રસ ધરાવતા ઉમેદવારો સંપર્ક કરો**
**Contact : 6354811357, 9727724257**
**જી-૧ ક્રિસ્ટલ પ્લાઝા, ચિરાયુ હોસ્પિટલની નીચે, મહિન્દ્રા શો રૂમની સામે, ને.હા.નં. ૪૮, વાપી**








## જિલ્લાની ૮૦ ગ્રા. પં. માં ચેટબોટથી સરકારી સેવાઓ મળશે

**આજથી પંચાયતના વેરા પણ મોબાઈલ દ્વારા ઘરે બેઠા ભરી શકશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** સરકાર દ્વારા ગ્રામ પંચાયત ની કામગીરી સરળતા બને તે માટે જિલ્લાની વલસાડ માં ૨૩, પારડી - ૧૫, નાનાપોંઢા -૯ ઉંમરગામ -૩૨, કપરાડા. ૧મળી કુલ ૮૦ ગ્રામ પંચાયતોમાં વૉટ્સએપ ચેટબોટથી મળશે સરકારી સેવાઓ મળી રહેશે. સરકાર દ્વારા નવતર પહેલ, હવે વૉટ્સએપ ચેટબોટથી મળશે સરકારી સેવાઓ ટેકનોલોજીના યુગમાં એક મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. ઈ-ગવર્નન્સના ભાગરૂપે ગ્રામજનોને ઘરબેઠા સરકારી યોજનાઓની માહિતી અને સેવાઓ મળી રહે તે માટે ખાસ વૉટ્સએપ ચેટબોટ તૈયાર કરવામાં આવ્યો છે. જિલ્લાની વલસાડ માં ૨૩, પારડી - ૧૫, નાનાપોંઢા -૯ ઉંમરગામ - ૩૨, કપરાડા. ૧મળી કુલ ૮૦ ગ્રામ પંચાયતોમાં હવે પંચાયતના વેરા પણ મોબાઈલ દ્વારા ઘરે બેઠા ભરી શકશે. આ સુવિધાનો વિધિવત પ્રારંભ તા. ૧૯-૦૩-૨૦૨૬ ને ગુરુવારના રોજ વલસાડ જિલ્લા વિકાસ અધિકારીને હસ્તે લોકાર્પણ સમારોહ યોજાશે.



# બીલીમોરા નગરપાલિકાના કરાર આધારિત એન્જીનીયર ફરજ મોકૂફ

**પાલિકા અને મહાનગરપાલિકાનાં માર્ગોની ચકાસણી દરમ્યાન બીલીમોરામાં નબળી ગુણવત્તાના માર્ગોની ત્રુટી બહાર આવી હતી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૮:** સુરત પ્રાદેશિક નિયમકે બીલીમોરા નગરપાલિકા પાલિકા વિસ્તારમાં માર્ગોનાં કામોની નબળી ગુણવત્તા બાબત ગંભીર ક્ષતિ બદલ કરાર આધારિત એન્જીનીયર ને જવાબદાર ઠેરવી ફરજ મોકૂફ કરવાનો હુકમ કરતા ચકચાર મચી હતી. રાજ્ય સરકાર દ્વારા તમામ પાલિકા અને મહાનગરપાલિકાનાં માર્ગોની ચકાસણી હાથ ધરાઈ હતી. જેમાં ઉપરોક્ત ત્રુટી બહાર આવી હોવાનું જાણવા મળે છે.

સુરત સ્થિત દક્ષિણ ગુજરાત ની નગરપાલિકાનાં પ્રાદેશિક નિયામક કચેરીના અધિક કલેકટર દ્વારા બીલીમોરા નગરપાલિકામાં કરાર આધારિત ફરજ બજાવતા એન્જીનીયર સંકેત પટેલ ને તાત્કાલિક ફરજ મોકૂફ કરવાનો હુકમ કરતો તા.૧૬/૩/૨૦૨૬ નાં રોજ ચીફ ઓફીસર ને પત્ર પાઠવ્યો હતો. જેમાં જણાવ્યું છે કે ગાંધીનગર સ્થિત ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ લી. (જીયુડીસી) દ્વારા રાજ્ય સરકારની સૂચના મુજબ તમામ નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં માર્ગોની કામગીરીની ચકાસણી કરાઈ હતી. જેમાં બીલીમોરા પાલિકા વિસ્તારમાં માર્ગોની કામગીરી નબળી તેમજ વાપરવામાં આવેલા મટીરીયલ ની ગુણવત્તા સામે ગંભીર મુદ્દા સામે આવ્યા હતા. જેના રિપોર્ટ બાદ રાજ્યની મ્યુનિસિપાલિટી કમિશનર રેમ્યા મોહન એ ગત તા. ૫/૨/૨૦૨૬ નાં રોજ સુરત સ્થિત પ્રાદેશિક નિયામક ને પત્ર પાઠવી જવાબદાર અધિકારી સામે પગલાં ભરવા આદેશ આપ્યો હતો. આથી પ્રાદેશિક નિયામકે આ મામલે બીલીમોરા નગરપાલિકાનાં કરાર આધારિત ફરજ બજાવતા ઈજનેર સંકેત પટેલને જવાબદાર ઠેરવી તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરવાનો હુકમ કર્યો હતો. જેના પગલે ચકચાર મચી છે. રાજ્યના મ્યુનિ. કમિશનર રેમ્યા મોહન દ્વારા પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે આવા કિસ્સામાં જવાબદાર કોન્ટ્રાકટર પાસે નબળી કામગીરી ને પુનઃ કરાવવી, ટેન્ડરની શરતોની જોગવાઈ મુજબ પગલાં ભરવા તેમજ થયેલી આર્થિક નુકશાની ની વસૂલાત કરવા ટાઉન પ્લાનર (ટીપી) અને પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન (પીએમસી) ની સામે નબળી ગુણવત્તા વાળું કામ ચલાવી લેવા બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવાનો આદેશ કરાયેલ છે. જે અંગે હવે આગળ કોની કોની સામે કાર્યવાહી થશે તે બાબત ટોક ઓફ ધ ટાઉન બની છે. જવાબદાર કોન્ટ્રાકટર, કન્સલ્ટન્ટ અને પાર્ટી ફંડ લેનારા નેતાઓ સામે પગલાં લેવાશે કે કેમ તે અંગે અનેક તર્ક વિતર્ક વહેતાં થયા છે.

ખેતી પેદાશનું રૂપાંતર અને વેચાણ કરનારી

# વાંસદા તાલુકા સહકારી સંસ્થામાં ચેરમેન પદે મુકેશ પાનવાલાની બિનહરીફ વરણી

**વાઈસ ચેરમન પદે એડવોકેટ અને નોટરી રમણભાઈ પટેલ બિન હરીફ વરાયા**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૮ :** વાંસદા તાલુકા ખેતી પેદાશનું રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી સંસ્થાની આજે યોજાયેલી ચૂંટણીમાં ચેરમેન પદે સતત ત્રીજી વખત સહકારી અગ્રણી મુકેશભાઈ પાનવાલા બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે, જયારે વાઈસ ચેરમન પદે એડવોકેટ અને નોટરી રમણભાઈ પટેલ બિન હરીફ ચૂંટાયેલા જાહેર થતાં આ સંસ્થાનાં સહકારી અગ્રણીઓએ સહકારી ભાવનાને ચરિતાર્થ કરી છે.

તાલુકામાં મોખરાનું સ્થાન ધરાવતી આ સહકારી સંસ્થાની ચેરમેન અને વાઈસ ચેરમેનની જાહેર થયેલી ચૂંટણીમાં સભાના પ્રમુખ તરીકે વલસાડ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓ. બેંક લિ. ના ડાયરેકટર જીવણભાઈ ડી. ગામીતની નિમણૂંક કરવામાં આવી હતી. સંસ્થાના ચેરમેન તરીકે મુકેશભાઈ પાનવાલાની દરખાસ્ત સહકારી અગ્રણી કાલિદાસ ચૌધરીએ રજુ કરી હતી. જયારે આ દરખાસ્તને જયસિંગભાઈ પટેલે ટેકો આપતા મુકેશભાઈ પાનવાલા ચેરમેન પદે બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

જયારે વાઈસ ચેરમેનની ચૂંટણી માટે રમણભાઈ પટેલની દરખાસ્ત ધીરજભાઈ દળવી એ કરતા આ દરખાસ્તને ટેકો કેશુભાઈ બી. ગાંવિતે આપતા રમણભાઈ પટેલને વાઈસ ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. સહકારી સંસ્થાની આજની ચુંટણીમાં ચુંટણી અધિકારી લાછાભાઈ પટેલે સમગ્ર ચુંટણીની કામગીરી સુપેરે પાર પાડી હતી.

ચેરમેન અને વાઈસ ચેરમેન પદે વિજેતા થયેલા મુકેશ પાનવાલા તથા રમણભાઈ પટેલને તાલુકાના અગ્રણીઓ કાલિદાસભાઈ ચૌધરી, નટુભાઈ પાંચાલ, રાજેશભાઈ ગાંધી, અનુપસિંહ સોલંકી, હિનેશ ભાવાસાર, ધર્મેન્દ્રસિંહ સોલંકી, માજી ધારાસભ્ય છનાભાઈ ચૌધરી, પ્રધ્યુમ્નસિંહ અટોદરિઆ, અબ્બાસભાઈ કોન્ટ્રાકટર, બુધાભાઈ પટેલ સહિતના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી ઉત્તરોત્તર પ્રગતિનાં શિખરો સિધ્ધ કરો એવી શુભ કામનાઓ પાઠવી હતી.

# મરોલીના સરકારી આયુર્વેદ દવાખાનાના નવનિર્મિત મકાનનું લોકાર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૮ :** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તેમજ નિયામક આયુષની કચેરીના માર્ગદર્શન હેઠળ આજરોજ જલાલપોર તાલુકા મરોલી સરકારી આયુર્વેદ દવાખાના નવનિર્મિત મકાનનું લોકાર્પણ જિલ્લા પંચાયત નવસારીના પ્રમુખ પરેશભાઈ દેસાઈ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ નીલમબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય કાજલબેન મઢીકર દ્વારા મહેમાનોનું સ્વાગત કરી આયુષ સેવાઓના વિસ્તરણ અંગે માહિતી આપી હતી. પ્રસંગે મરોલી ગામના સરપંચ ધર્મેશભાઈ પટેલ સહિત મહાનુભાવોએ આયુર્વેદિક સારવારના મહત્વ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય અનિતાબેન હળપતિ, ગામના અગ્રણીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**ચીખલી તાલુકા કોળી પટેલ સમાજ મંડળ દ્વારા**

# આહવામાં પૂર્વ રાષ્ટ્રપતિનું શાલ ઓઢાડી સન્માન કરાયુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૮ :** પૂર્વ રાષ્ટ્રપતિ મહામહિમ મા. રામનાથ કોવિંદ પોતાના પરિવાર સાથે નવસારી તથા આહવા ડાંગની મુલાકાતે પધાર્યા હતા દરમિયાન ચીખલી તાલુકા કોળી પટેલ સમાજ મંડળના પ્રમુખ સમીરભાઈ પટેલ અન્વેષક રવજીભાઈ પટેલ, સહમંત્રી દિનેશભાઈ પટેલ તથા ભારતીબેન પટેલ દ્વારા આહવા ખાતે જઈ મા. રામનાથ કોવિંદનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું જે તસવીરમાં જોઈ શકાય છે.



ખેરગામના નિયમિત મામલતદાર પદે દિવ્યાંગ પેલાડી ભૈરવીના વતની વિજયભાઈ છોટુભાઈ પટેલની સુરત ડિઝાસ્ટર માંથી નિમણૂક થતા તા. ૨૩-૨-૨૬ થી કાર્યભાર સંભાળેલ છે.

# નવસારીમાં જોયસ્ટિક વ્હીલચેર અને મોટરાઈઝડ ટ્રાઈસિકલનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૮ :** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને નિયામક સમાજ સુરક્ષા -ભાગ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે નવસારી જિલ્લામાં દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને અત્યાધુનિક જોયસ્ટિક વ્હીલચેર કુલ નંગ-૮ અને મોટરાઈઝડ ટ્રાઈસિકલ કુલ નંગ-૨૮ સાધનનું વિતરણ કર્યુ હતુ. આ સાધનો મળવાથી દિવ્યાંગોનીગતિશીલતામાં વધારો થશે અને તેઓ અન્ય પર નિર્ભર રહ્યા વગર પોતાની રોજિંદી પ્રવૃત્તિઓ કરી શકશે.આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓએ દિવ્યાંગ લાભાર્થીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારદિવ્યાંગોના કલ્યાણ માટે કટિબદ્ધ છે. સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓનો ઉદ્દેશ્યદિવ્યાંગોને આર્થિક અને સામાજિક રીતે સશક્ત બનાવવાનો છે. આ આધુનિક સાધનો દિવ્યાંગોના જીવનમાં મોટું પરિવર્તન લાવશે. જોયસ્ટિક વ્હીલચેર મોટરાઈઝડ ટ્રાઈસિકલનીમદદથી દિવ્યાંગજનો હવે લાંબા અંતરની મુસાફરી સરળતાથી કરી શકશે, જે તેમના શિક્ષણ અને રોજગાર મેળવવાના પ્રયત્નોમાં પણ ખૂબ જ સહાયરૂપ સાબિત થશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બારીપાડામાં પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૮ :** ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ડાંગ જિલ્લાના તમામ તાલુકાઓમાં ક્લસ્ટર બેઈઝ તાલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આહવા તાલુકાના બારીપાડા ક્લસ્ટરમાં સમાવિષ્ટ બારીપાડા ગામમાં પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ યોજાઈ હતી. જેમાં પ્રગતિશીલ ખેડુત દ્વારા પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ તેના લાભો અને હાલની પરિસ્થિતિમાં તેની ઉપયોગિતા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ ઉપસ્થિત તમામ ખેડુતોને જીવામૃત બનાવવાની પ્રાયોગિક રીતનું નિદર્શન પણ કરાવ્યૂ હતું. જે ખેડૂતો માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. આ સાથે જ ખેડુતોને પ્રાકૃતિક ખેતી કરવાથી આપણે ઝેર મુક્ત અનાજ અને શાકભાજીની ખેતી કરી દરેક લોકોનું સ્વાસ્થ્ય સારું રહે એના માટે પણ માહિતી આપવામાં આવી હતી.

# બીલીમોરામાં જૈનાચાર્ય શ્રીમદ વિજય યશોવર્મસૂરીશ્વરજી મહારાજાની પધરામણી

**જતુ કરી શકે તેની ખુશી ક્યારેય જતી નથી : ગચ્છાધિપતિ યશોવર્મસુરી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૮ :** ગચ્છાધિપતિ પદ પર આરૂઢ કર્યા પછી પ્રથમ વાર બીલીમોરા પધારી રહેલા નૂતન ગચ્છાધિપતિ પૂજ્યપાદ શ્રદ્ધેય ગુરુદેવ જૈનાચાર્ય શ્રીમદ વિજય યશોવર્મસૂરીશ્વરજી મહારાજાને સત્કારવા જૈન સંઘ સમાજ સામૈયા લઈ ઉમટી પડ્યો હતો. રોડ પર બાંધેલા વિશાલ મંડપમાં હૈયાને હચમચાવતો ને પ્રભુ ભક્તિના રહસ્યને સમજાવતો હૃદય સ્પર્શી પ્રવચન થયું હતું. મંડપ નાનો પડ્યો ને યુવાનો ભાઈ - બહેનોને સંઘ સમાજના અગ્રણીઓની આંખો ભીની બની ગઈ હતી. ઉભા પ્ર ઉભા પ્રવચનો સાંભળતા સહુ ભાવિક બની ગયા હતા. પ્રવચન અંશો. સુખી થવા માટે પૈસા નહીં, પણ પારિવારિક પ્રેમ જરૂરી છે. પૈસાવાળા ના ઘરો સુખી હોય એ ગેરંટી નથી, પણ પ્રેમવાળા ઘરો સુખી જ હોય તે ગેરંટી છે. પૈસાથી કદાચ સાધન સામગ્રી કે સગવડ મળી શકે. પણ, સ્નેહ - સંપ ને શાંતિ તો પ્રેમથી જ મળી શકે. માણસ પૈસા માટે જેટલી મહેનત કરે છે, સહન કરે છે, જતું કરે છે, એટલું જો પ્રેમ માટે - પરિવાર માટે કરે તો ઘર સ્વર્ગ બને જ બને. મરીને સ્વર્ગમાં જવાના સપના જોવા કરતા, જીવતે જીવ ઘરને સ્વર્ગ બનાવવાની પ્રયત્ન ચોક્કસ ખુશી આપશે જ. અનેક દૃષ્ટાંતો ને દલીલોથી હૃદય સોંસરૂ ઉતરી જાય એવી પૂજ્ય ગુરુદેવની વાણીમાં જણાવ્યું હતું કે જીવનમાં અને ઘરમાં બારમાસી ખુશી જોઈતી હોય તો, એક સૂત્ર અપનાવજો... જતુ કરે તેની ખુશી જતી નથી... જતું ન કરવાના કારણે ઘરમાં અને જીવનમાં કેવી ખાના - ખરાબી સર્જે છે ને જિંદગી કેવી ગોઝારી ને બોજલ બની જાય છે એની વાસ્તવિક ઘટના વર્ણવી ત્યારે એકેય આંખો કોરી રહી ન હતી. આજે વલસાડ. તા. ૧૯ બગવાડા તીર્થ. તા. ૨૦ વાપી ભેરુધામ. તા. ૨૧ વાપી લબ્ધિસુરી જ્ઞાનમંદિર. તા. ૨૨ વાપી જી.આઈ.ડી.સી. આદિનાથ દેરાસર. રોજ પ્રવચન યોજાશે.તા. ૧૭ થી ૨૨ એપ્રિલ સ્પેશિયલ સમર વેકેશન શિબિર એલ.વી.કે.એસ. - ઉમર ૧૨ થી ૨૦ વર્ષના બાળકો યંગસ્ટર માટે મુંબઈ - વિરાર - અગાસી મહાતીર્થે રહેશે. ઓનલાઇન ફોર્મ ભરી પાસ મેળવી લેવા જરૂરી છે.


**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com


# નવસારી મનપાનો પ્રથમ મિલેટ મહોત્સવ બી.આર ફાર્મ ખાતે યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૮ :** International Year of Millet – 2023 અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને મિલેટ (શ્રીધાન્ય) અંગે માર્ગદર્શન આપવા, પ્રાકૃતિક કૃષિ દ્વારા ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા, આધુનિક તકનીકોનો ઉપયોગ વધારવા તેમજ મિલેટ્સના વાવેતર વિસ્તાર અને મૂલ્યવર્ધન દ્વારા ખેડૂતોની આવકમાં વધારો થાય તે હેતુસર વર્ષ ૨૦૨૫-૨૬ માટે મિલેટ ડેવલોપમેન્ટ યોજના અમલમાં મુકવામાં આવી છે.

આ યોજનાના ભાગરૂપે રાજયની કુલ ૧૭ મહાનગરપાલિકાઓ ખાતે મિલેટ મહોત્સવ યોજાનાર છે જે અંતર્ગત આગામી ૨૧ અને ૨૨ માર્ચેના રોજ નવસારી મહાનગરપાલિકાના ઈટાવાળા છાપરા રોડ સ્તિથ બી.આર. ફાર્મ ખાતે મિલેટ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ મહોત્સવમાં નવસારી તેમજ આસપાસના જિલ્લાઓમાંથી ૩૦થી વધુ સ્ટોલ્સ સ્થાપિત કરવામાં આવશે જેમાં મિલેટ આધારિત ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતી, તેમજ કૃષિ સંબંધિત નવીન તકનીકોનું પ્રદર્શન કરવામાં આવશે. મિલેટ મહોત્સવના સુચારૂ આયોજન અર્થે નવસારી મહાનગરપાલિકાના કમિશ્નર દેવ ચૌધરીના અધ્યક્ષસ્થાને મહાનગરપાલિકા ભવનના સભાખંડ ખાતે અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી, જેમાં કાર્યક્રમના આયોજન માટે જરૂરી માર્ગદર્શનો આપવામાં આવ્યા હતા. આ મિલેટ મહોત્સવ ખેડૂતો, ઉદ્યોગકારો અને સામાન્ય નાગરિકો માટે ઉપયોગી સાબિત થશે તથા મિલેટ્સ પ્રત્યે જાગૃતિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. નવસારી મહાનગરપાલિકા વિસ્તારના નાગરિકોનેઆ મિલેટ મહોત્સવમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાઈ મિલેટ્સના ફાયદાઓ અંગે માહિતી મેળવી તેનો લાભ લેવા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# ડાંગ જિલ્લામાં તાપમાનનો પારો ગગડ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૮ :** દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી કાળઝાળ ગરમી બાદ હવે વાતાવરણમાં મોટો પલટો જોવા મળ્યો છે. અગાઉ વઘઈ અને આહવા જેવા વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચી જતા લોકો તોબા પોકારી ઉઠ્યા હતા. પરંતુ હાલમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી છે. તાજા અહેવાલો મુજબ, વઘઈમાં તાપમાન ઘટીને ૩૭ ડિગ્રી અને જિલ્લા મથક આહવામાં ૩૫ ડિગ્રી નોંધાયું છે. ખાસ કરીને હિલ સ્ટેશન સાપુતારામાં તાપમાનનો પારો સીધો ૨૮ ડિગ્રી પર આવી જતાં પ્રવાસીઓ અને સ્થાનિકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. આ ઉપરાંત સુબીર પંથકમાં પણ ૩૧ ડિગ્રી તાપમાન સાથે ગરમીમાં મોટી રાહત મળી છે.આ તાપમાનમાં થયેલા ઘટાડાને પગલે જિલ્લાના જનજીવન પર હકારાત્મક અસર જોવા મળી રહી છે. અગાઉ બપોરના સમયે રસ્તાઓ સુમસામ થઈ જતા હતા, પરંતુ હવે વાતાવરણ આહલાદક બનતા બજારોમાં ફરી ચહલ-પહલ વધી છે. ખેત મજૂરો અને પશુપાલકો જેઓ આકરી ગરમીમાં મુશ્કેલી અનુભવતા હતા, તેમને પણ આ ફેરફારથી મોટી આશ્વાસન મળ્યું છે. સાપુતારામાં તાપમાન નીચું જતા પ્રવાસીઓનો પ્રવાહ પણ વધવાની શક્યતા છે. જોકે, હવામાન વિભાગે પલટાતા વાતાવરણમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા અને પૂરતું પાણી પીવાની સલાહ જાળવી રાખી છે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૮-૦૩-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** ફાગણ, અમાસ **સૂર્યોદય :** ૦૬ : ૪૮ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૬, **ચંદ્રોદય** - ૦૬:૪૩ **ચંદ્રાસ્ત** - ૦૭:૧૫ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - ઉત્તરભાદ્રપદ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. કામ બાકી હોવા છતાં રોમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો.

**મિથુન(ક.છ.ઘ) :** આજે મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**સિંહ(મ.ટ.) :** આજે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે.

**તુલા (ર.ત.) :** આજે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે.

**મકર(જ.ખ) :** આજે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે.

**કુંભ(ગ.શ.સ.) :** આજે કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે?

**મીન(દ.ચ.ઝ.થ) :** આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો.

## દમણ રેડિયો

102.3 FM

આકાશવાણી

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૫૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેકબોક્સમાંએકથીનવસુધીનોઆંકઆવવાજોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.


**સુડોકુ નં.૫૩૫ નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

# આજથી ચૈત્રી નવરાત્રી : પારનેરા પર માઈભકતો ઉમટશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** આવતીકાલથી પવિત્ર ચૈત્રી નવરાત્રી નો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે વલસાડના પૌરાણિક એવા અંબા માતા મંદિર તેમજ ઐતિહાસિક એવા પારનેરા ડુંગર પર વિરાજેલા માતાજીના મંદિરે ભક્તોની ભીડ દર્શન કરવા માટે ઉમટી પડશે. ચૈત્રી નવરાત્રી નિમિત્તે માતાના મંદિરોને રંગબેરંગી લાઈટો ફુલહાર થી શણગારવામાં આવ્યું છે.આવતીકાલથી પવિત્ર ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે વલસાડ જિલ્લાના સુપ્રસિદ્ધ શક્તિપીઠો અને મંદિરોમાં ભક્તિમય માહોલ જામશે. ખાસ કરીને વલસાડ



શહેરના પ્રાચીન અંબા માતા મંદિર અને ઐતિહાસિક પારનેરા ડુંગર પર બિરાજમાન વીરાજેલા માતાજીના મંદિરે દર્શન કરવા માટે ભક્તોની ભારે ભીડ રહેવાની શક્યતા છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન માતાજીના વિશેષ શણગાર, હવન અને આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. પાનેરા ડુંગર પર વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ ડુંગર ચઢીને માતાજીના આશીર્વાદ લેવા ઉમટી પડશે, જેને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા પીવાના પાણી, સુરક્ષા અને વ્યવસ્થાના પૂરતા પ્રબંધો કરવામાં આવ્યા છે.

ભક્તોમાં અત્યારથી જ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પારનેરા ડુંગર ઉપર વિરાજેલા માતાજી મંદિરે આવનાર દરેક દર્શનાથી ઓને આવનાર ચૈત્રિ નવરાત્રી નિમિત્તે માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવવાનું કે તા. ૧૯/૩/૨૦૨૬ થી ૨૭/૩/૨૦૨૬ સુધી શરૂ થતા ચૈત્રી નવરાત્રી દરમ્યાન મંદિરો નો ખુલવાનો તેમજ બંધ થવાનો સમય નીચે મુજબ નો રહેશે. મંદિર ખુલવાનો સમય સવારે ૫ કલાકે. સવારની આરતી સવારે ૬:૨૫ કલાકે. તેમજ સવારે. ૮ કલાકે. મંદિર બંધ થવાનો સમય રાત્રે ૯ કલાકે. સાંજ ની આરતી ૬:૨૫ કલાકે. આ સમય ફક્ત નવરાત્રી પુરતો જ રહેશે. જેની ભક્તોએ નોંધ લેવા ટ્રસ્ટી મંડળ દ્વારા જણાવાયું છે.

## પ્રથમ નોરતે રિક્ષા સ્ટેન્ડ દ્વારા ‘ફ્રી રિક્ષા સેવા’

પારનેરા રિક્ષા સ્ટેન્ડ તરફથી આગામી પ્રથમ નોરતાના દિવસે શ્રદ્ધાળુઓ માટે નિ:શુલ્ક (ફ્રી) રિક્ષા સેવા પૂરી પાડવામાં આવશે. પારનેરા રિક્ષા સ્ટેન્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા બોર્ડ મુજબ, ભક્તોની સુવિધા માટે નીચે મુજબના રૂટ પર ફ્રી રિક્ષા રૂટ ૧, પારનેરા ડુંગર થી પારડી, રૂટ ૨, પારનેરા ડુંગર થી વલસાડ દોડશે આ ઉપરાંત મુસાફરી દરમિયાન ભક્તો માટે ઠંડા પાણીની પણ ફ્રી વ્યવસ્થા રાખવામાં આવી છે. આ ખાસ સેવા માત્ર મર્યાદિત સમય માટે ઉપલબ્ધ રહેશે, તા. ૧૯/૦૩/૨૦૨૬ (પ્રથમ નોરતું)સમય સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. રિક્ષા ચાલકો દ્વારા લેવાયેલા આ સેવાભાવી નિર્ણયને કારણે દૂર-દૂરથી આવતા માઈભક્તોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# સેલવાસ જીએનએલયુ દ્વારા મહિલાઓ માટે સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૮ :** ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (જીએનએલયુ), સેલવાસ એ, ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચ (GSHRC) ના સહયોગથી, ૧૭ માર્ચ ૨૦૨૬ ના રોજ આંતરવિભાજન અને હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલાઓ માનવ અધિકાર માળખા પર પુનર્વિચાર વિષય પર એક દિવસીય પરિષદનું આયોજન કર્યું. ઉદઘાટન સત્રની અધ્યક્ષતા ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચના અધ્યક્ષ માનનીય ડૉ. જસ્ટિસ કૌશલ જે. ઠાકર દ્વારા કરવામાં આવી હતી. મંચ પર હાજર રહેલા અન્ય મહાનુભાવોમાં પંચના રજિસ્ટ્રાર (કાનૂની) અને ઈન્ચાર્જ સેક્રેટરી તુષાર વી. જોશી, ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ અને પંચના સલાહકાર પુરુષોત્તમ સોમાભાઈ પટેલ, જીએનએલયુના ડાયરેક્ટર પ્રો. (ડૉ.) એસ. શાંથાકુમાર, અને ડેપ્યુટી રજિસ્ટ્રાર, સ્મિતા સિંહ સમાવેશ થતો હતો.

જીએનએલયુના ડાયરેક્ટર પ્રો. (ડૉ.) એસ. શાંથાકુમારે તેમના સ્વાગત પ્રવચનમાં ભારતના માનવ અધિકાર માળખાના તેના બંધારણીય પાયાથી લઈને માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ સુધીના ઉત્ક્રાંતિનો ઉલ્લેખ કર્યો, જેણે પ્રથમ વખત માનવ અધિકારોની વૈધાનિક વ્યાખ્યા પૂરી પાડી. ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચના રજિસ્ટ્રાર (કાનૂની) અને ઈન્ચાર્જ સચિવ તુષાર વી. જોશી, સલાહકાર પુરુષોત્તમ સોમાભાઈ પટેલ6, અધ્યક્ષ ડૉ. જસ્ટિસ કૌશલ જે. ઠાકરે મુખ્ય વક્તવ્ય આપ્યું, તેમણે વિદ્યાર્થીઓને જાગૃતિ, કાનૂની સહાય અને સમુદાય સંપર્ક દ્વારા ન્યાયની પહોંચને સમર્થન આપવા હાકલ કરી, અને AI-જનરેટેડ સામગ્રી પર સંપૂર્ણ નિર્ભરતાના બદલે મૂળ કાનૂની લેખન અને સંશોધનના મહત્વ પર ભાર મૂક્યો હતો.

# વલસાડના સાંસદની સંસદમાં ટ્રેનોના સ્ટોપેજ અને નવી ટ્રેનો શરૂ કરવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ, તા. ૧૮ :** વલસાડ-ડાંગ સાંસદ,લોકસભા ના દંડક ધવલભાઈ પટેલે લોકસભામાં રેલવે બજેટ પરની ચર્ચા દરમિયાન વલસાડ અને દક્ષિણ ગુજરાતના રેલવે પ્રશ્નોને વાચા આપી હતી. તેમણે વલસાડ રેલવે સ્ટેશન પર વધુ ટ્રેનોના સ્ટોપેજ અને કોરોના કાળમાં બંધ થયેલી ટ્રેનો ફરી શરૂ કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ મહત્વની માંગણીઓ રજૂ કરી હતી.

સાંસદ ધવલભાઈ પટેલે સૌ પ્રથમ વલસાડમાં વંદે ભારત ટ્રેનનું સ્ટોપેજ આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો આભાર માન્યો હતો. સાથોસાથ તેમણે નીચે મુજબની નવી માંગણીઓ મૂકી હતી. મુંબઈ-ગાંધીનગર અને મુંબઈ-દિલ્હી વચ્ચે શરૂ થયેલી નવી વંદે ભારત સ્લીપર ટ્રેનનું વલસાડમાં સ્ટોપેજ આપવામાં આવે, લાંબા સમયથી વલસાડવાસીઓની માંગણી રહી છે તેવી શતાબ્દી એક્સપ્રેસનું સ્ટોપેજ પણ વલસાડ સ્ટેશન પર આપવામાં આવે, દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારને ધ્યાનમાં રાખીને તેમણે શ્રમિકોની સુવિધા માટે પણ અવાજ ઉઠાવ્યો હતો. કોવિડ-૧૯ મહામારી દરમિયાન બંધ કરવામાં આવેલી ટ્રેનો, જેનો ઉપયોગ ખાસ કરીને શ્રમિકો અને નોકરિયાત વર્ગ કરે છે, તેને સત્વરે શરૂ કરવામાં આવે,

સંજાણ સ્ટેશન સંજાણ રેલવે સ્ટેશન પર સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસનું સ્ટોપેજ આપવા વિનંતી કરી હતી. ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, પાલઘર (મહારાષ્ટ્ર), દમણ અને દાદરા નગર હવેલીના સાંસદો સાથે મળીને તેમણે સંયુક્ત રીતે ટ્રેન સુવિધાઓ વધારવા માંગ કરી છે. મહારાષ્ટ્રના ડાહણુ અને પાલઘરથી મોટી સંખ્યામાં લોકો વલસાડ, વાપી, સરીગામ અને ઉમરગામમાં કામ અર્થે આવે છે, તેમના માટે વધુ સ્ટોપેજ જરૂરી છે. સુરત-વલસાડ કનેક્ટિવિટી રાત્રે ૭ થી ૧૧ વાગ્યા દરમિયાન સુરતથી વલસાડ તરફ કોઈ ટ્રેન ઉપલબ્ધ નથી, જેથી આ સમયગાળામાં નવી ટ્રેન શરૂ કરવામાં આવે, ઉમરગામ માટે નવી ટ્રેનો ઉમરગામ સ્ટેશન માટે ફલાઈંગ રાણી, અવધ એક્સપ્રેસ અને રાણકપુર એક્સપ્રેસના સ્ટોપેજ અથવા સુવિધા આપવા રજૂઆત કરી હતી. સાંસદ ધવલભાઈ પટેલ ની આ રજૂઆતથી વલસાડ અને આસપાસના વિસ્તારના મુસાફરોમાં નવી આશા જાગી છે કે આગામી સમયમાં રેલવે સુવિધાઓમાં વધારો થશે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા

# વલસાડમાં જોયસ્ટિક વ્હીલચેર અને મોટરાઈઝડ ટ્રાઈસિકલનું વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને નિયામક સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વલસાડ જિલ્લામાં દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને અત્યાધુનિક જોયસ્ટિક વ્હીલચેર કુલ નંગ- ૧૬ અને મોટરાઈઝડ ટ્રાઈસિકલ કુલ નંગ- ૬૬ સાધનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાધનો મળવાથી દિવ્યાંગોની ગતિશીલતામાં વધારો થશે અને તેઓ અન્ય પર નિર્ભર રહ્યા વગર પોતાની રોજિંદી પ્રવૃત્તિઓ કરી શકશે.

આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓએ દિવ્યાંગ લાભાર્થીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું કે, રાજ્ય સરકાર દિવ્યાંગોના કલ્યાણ માટે કટિબદ્ધ છે. સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓનો ઉદ્દેશ્ય દિવ્યાંગોને આર્થિક અને સામાજિક રીતે સશક્ત બનાવવાનો છે.

આ આધુનિક સાધનો દિવ્યાંગોના જીવનમાં મોટું પરિવર્તન લાવશે. જોયસ્ટિક વ્હીલચેર મોટરાઈઝડ ટ્રાઈસિકલની મદદથી દિવ્યાંગજનો હવે લાંબા અંતરની મુસાફરી સરળતાથી કરી શકશે, જે તેમના શિક્ષણ અને રોજગાર મેળવવાના પ્રયત્નોમાં પણ ખૂબ જ સહાયરૂપ સાબિત થશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ લાભાર્થીઓ, તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ રેલ્વે પોલીસે ખોવાયેલ મોબાઈલ મૂળ માલિકને પરત કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** એક મહિના અગાઉ વલસાડ રેલવે સ્ટેશન પરથી અબ્રામા ના વ્યક્તિનો મોબાઈલ ફોન ગુમ થયેલ હોય તેને વલસા રેલવે પોલીસે શોધી કાઢી મૂળ માલિકને પરત સોંપવામાં આવ્યું છે. વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.બી.વસાવા એ વલસાડ રેલ્વે સ્ટેશનને આવતા જતા પેસેન્જરોની ચીજ-વસ્તુઓ ગુમ ન થાય તે માટે પેટ્રોલીંગ રાખવા તેમજ ગુમ થયેલ મોબાઈલ ફોન, મુદામાલ શોધી કાઢી મુળ માલિકોને પરત કરવા સુચના આપી હતી. જે આધારે વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશન માં તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧,૨૭૫ રૂપિયા નો મોબાઈલ ફોન ટ્રેનમાં




મુસાફરી કરતી વખતે પેસેન્જરોની ભીંડમાં ફોન ગુમ થયો હતો. જેમકે વલસાડ રેલવે પોલીસમાં ફરિયાદ આપતા રેલવે પોલીસ ની ટીમ એ તથા CEIR-પોર્ટલની મદદથી મોબાઈલ ફોન મળી આવતા પોલીસે મોબાઈલ મુળ માલીક જયેશભાઈ પી. પરમાર, રહે. ૨૧ મણિબાગ, અબ્રામા, વલસાડ ને વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશન બોલાવી મોબાઈલ ફોન પરત સોંપવામાં આવ્યો હતો.

# સેલવાસમાં ત્રણ દિવસીય મહિલા લેધર બોલ ક્રિકેટ લીગ સંપન્ન

## દાનહની પ્રથમ મહિલા લેધર બોલ ક્રિકેટ ટીમનું ડેપ્યુટી કલેક્ટર અમિત કુમારે સન્માન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૮ :** ડેપ્યુટી કલેક્ટર કાર્યાલયમાં હાજર તમામ મહિલા ખેલાડીઓ સાથેની સૌહાર્દપૂર્ણ બેઠક દરમિયાન, સિલ્વાસાના સબ-કલેક્ટર અમિત કુમારે દાનહની પ્રથમ મહિલા લેધર બોલ ક્રિકેટ ટીમની તમામ મહિલા ખેલાડીઓને લેધર બોલ ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લેવા માટે તેમની હિંમત અને પહેલ બદલ સ્મૃતિચિહ્નો આપીને સન્માનિત કર્યા. તેમણે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે સિલ્વાસાના સ્ટેડિયમ ગ્રાઉન્ડ ખાતે ત્રણ દિવસીય મહિલા લેધર બોલ ક્રિકેટ લીગનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ દાનાહ દીવ સ્કાઉટ ગાઈડ ફેલોશિપને પણ અભિનંદન આપ્યા. તેમણે ભવિષ્યમાં પણ આવા જ



કાર્યક્રમોનું આહ્વાન કર્યું. તેમણે ખાસ કરીને દાનાહના કેપ્ટન સપના ગુપ્તા, ઉપ-કેપ્ટન સંગીતા યાદવ, સિદ્ધિ દુબે, અમૃતા સિંહ, જાન્વી ગોસ્વામી, રિદ્ધિ રાજપૂત, ધનુશ્રી વિષ્ણુ સુથાર અને રિમઝીમ સિંહને આ રમતમાં જોડાવા માટે -ોત્સાહિત કર્યા અને દાનાહ વહીવટીતંત્રને તમામ મહિલા ખેલાડીઓને શક્ય તમામ સહાયની ખાતરી આપી. કેપ્ટન સપના ગુપ્તાએ પણ દાનાહનું સન્માન કર્યું હતું.

આ સાથે, દાનહ પ્રશાસન દ્વારા મહિલા ખેલાડીઓની સ્પર્ધાના લાઈવ પ્રસારણ અને સ્ક્રીનની ઉપલબ્ધતા સાથે, બધી મહિલા ખેલાડીઓ આકર્ષણનું કેન્દ્ર બની. ઉપરાંત, તેમના દ્વારા રમાયેલી બધી મેચો યુટ્યુબ પર યાદગાર સ્વરૂપમાં અમીટ રહેશે. આ માટે, ખાસ કરીને બધી યુવતીઓએ અમિત કુમાર કરનો આભાર માન્યો હતો.



# વલસાડ જિલ્લામાં હીટવેવથી બચવા વહીવટી તંત્ર માર્ગદર્શિકા બહાર પડાઈ

## લૂ થી બચવા માટે શું કરવુ જોઈએ અને શું ન કરવું જોઈએ તે અંગે સાવધાનીના પગલા સૂચવાયા

**(દમણગંગા ટાઈમ્સ)**

**વલસાડ, તા. ૧૮ :** માર્ચ માસથી ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે આગામી દિવસોમાં હીટ વેવની અસરને ધ્યાનમાં લેતા શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તે અંગે સાવધાનીના પગલા લેવા નાગરિકો માટે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.

### આટલુ કરો

૧) રેડિયો સાંભળો, ટી.વી જુઓ, હવામાન અંગેના સ્થાનિક સમાચાર માટે વર્તમાન પત્ર વાંચો અથવા હવામાન વિષેની માહિતી આપતી મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરો. તરસ ના લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીવો.

૨) વાઈ, હ્રદય, કીડની કે યકૃત સંબધી બિમારીથી પીડાતા વ્યક્તિઓ કે જેમને પ્રવાહીની માત્રા ઓછી લેવાની હોય તેમણે તેમજ જેમના શરીરમાં પ્રવાહીનો નિકાલ ઓછો થતો હોય તેમણે પ્રવાહી લેતા પહેલા ડૉકટરની સલાહ લેવી.

૩) શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા પીણા જેવા કે, છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નારિયેળ પાણી વગેરેનો ઉપયોગ કરો. વજન તેમજ રંગમાં હળવા પ્રકારના સૂતરાઉ વસ્ત્રો પહેરો. જો તમે ઘરની બહાર હોવ તો, માથાનો ભાગ કપડા, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો. આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો. પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો.

૪) બાળકો, વૃદ્ધો, બિમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ લુ ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે. તેમની વિશેષ કાળજી લો.

### કામદાર અને નોકરીદાતા માટે સાવધાનીનો પગલા

૧) કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરો. તમામ કામદાર માટે આરામની વ્યવસ્થા, શુદ્ધ પાણી, છાસ, ઓ.આર.એસ, બરફના પેક, પ્રાથમિક સારવારની પેટીની વ્યવસ્થા કરો. કાર્ય કરતી વખતે સીધો સુર્ય પ્રકાશ આવે તેવી સ્થિતિને ટાળો, સખત મહેનતનું કામ દિવસના ઠંડા સમયે ગોઠવો.

૨) બહારની પ્રવૃત્તિઓ માટે વિશ્રાંતિ સમય અને તેની સંખ્યા વધારો. જે કામદાર વધુ ગરમીવાળા વિસ્તારમાં કાર્ય કરવા ટેવાયલ નથી તેમણે હળવુ તેમજ ઓછી અવધી માટે કામ આપો. સગર્ભા સ્ત્રીઓ તેમજ શારીરિક નબળાઈ ધરાવતા કામદાર ઉપર વિશેષ ધ્યાન આપો. કામદારોને હીટ વેવ એલર્ટ વિશે માહિતગાર કરો. શક્ય હોય ત્યાં સુધી ઘટાડી શકે છે. પંખાનો ઉપયોગ કરો. ઢીલા કપડા પહેરો અને ઠંડા પાણીમાં વારંવાર સ્નાન કરો.

૩) આપના કાર્યાલય કે રહેઠાણના સ્થળે આવતા ફેરિયા કે ડીલીવરી માણસને પાણી પીવડાવો, કાર પુલીંગ અથવા તો જાહેર વાહન વ્યવહારના સાધનનો ઉપયોગ કરો.

૪) જો તમને ચક્કર આવતા હોય કે બિમાર હોવ તો તબીબી સલાહ લો અથવા ઘરના કોઈ સદ્સ્યને કહો કે તમને તબીબ પાસે લઈ જાય.

### ઘરને શીતળ રાખવા માટે

૧) ઘરની દીવાલોને સફેદ રંગથી રંગો. ઘરમાં ઓછા ખર્ચે ઠંડક મેળવવા માટે ફુલ રુફ ટેક્રોલોજી, હવાની અવર જવર માટે ક્રોસ વેંટીલેશન અને થર્મો ફુલ ઈન્સ્યુલેશનનો ઉપયોગ કરો. સૂકા ઘાંસની ગંજી છત ઉપર રાખો અથવા શાકભાજી પણ ઉગાડી શકો. ઘરની બારીઓ ઉપર સુર્યપ્રકાશને પરાવર્તિત કરવા માટે એલ્યુમિનિયમ ફોઈલ કવરવાળા પુંઠા લગાવો. ઘેરા રંગના પડદા, બારીઓને રંગીન કાચ લગાવો અથવા સનશેડ લગાવો અને ફક્ત રાત્રે બારીઓ ખોલો. બને ત્યાં સુધી નીચેના માળ ઉપર રહો, લીલા રંગના છાપરા, ઈન્ડોર છોડ મકાન કે કુદરતી રીતે ઠંડું રાખે છે અને એયર કંડીશનરનો ઉપયોગ ઘટાડે છે અને તેમાંથી બહાર નીકળતી વધારાની ગરમીને ઓછી રાખે છે. એયર કંડીશનરનું તાપમાન ૨૪ ડીગ્રી કે તેનાથી વધુ રાખો. આને કારણે તમારું વિજળીનું બિલ ઓછું કરશે અને સાથે તમારી સ્વસ્થતાનું પણ ધ્યાન રાખશે. નવા ઘરના બાંધકામ વખતે રાબેતા મુજબની દીવાલ ને બદલે છીદ્રાળુ દીવાલ ચણતર કરો કે ગરમીને રોક્શે અને વધુ હવાને પરસ્પર થવા દેશે. દીવાલને રંગવા માટે ચુનો અથવા કાદવ જેવા કુદરતી સામગ્રીનો ઉપયોગ કરો. બાંધકામ પુર્વે મકાન બાંધકામના નિષ્ણાતની સલાહ લો.

### લુ લાગેલ વ્યક્તિની સારવાર કેવી રીતે કરશો

૧) ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો. શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર.એસ.અથવા લીંબુ શરબત જેવું પ્રવાહી આપો. વ્યક્તિને તાત્કાલિક નજીકના સ્વાસ્થ્ય કેંદ્ર ઉપર લઈ જાવ. જો શરીરનું તાપમાન એકધારુ વધતું હોય, માથાનો અસહ્ય દુખાવો હોય, ચક્કર આવતા હોય. નબળાઈ હોય, ઉલ્ટી થતી હોય કે બેભાન થઈ ગયો હોય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવો.

### આટલુ ન કરો

બપોરના ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી તડકામાં ન જાવ, જ્યારે તમે બપોરના બહાર હોવ ત્યારે શ્રમ પડે તેવી પ્રવૃત્તિ ન કરો. ઉઘાડા પગે બહાર ન જાવ. આ સમયે રસોઈ ન કરો, રસોડામાં હવાની અવર જવર માટે બારી બારણા ખુલ્લા રાખો. શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણા જેમ કે, શરાબ,ચા,કોફી,સોફટ ડ્રીક્સ ન લો, પ્રોટીનની વધુ માત્રા વાળા, મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠા વાળા આહારને ત્યજો.

### કૃષિ વિષયક આટલુ કરો

ઉભા પાકને હળવુ તેમજ વારવાર સિંચન કરો. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટ વેવ કે લુ ફુંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિક્લરથી સિંચાઈ કરો.

### પશુપાલન માટે આટલુ કરો

પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુષ્કળ પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યા થી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો. આશ્રય સ્થાનનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાસની ગંજીથી ઢાંકો, અથવા તો છાણ કાદવ અથવા સફેદ રંગથી રંગો. આશ્રય સ્થાનમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો કે, ફોગસ લગાવો બહુ જ ગરમી હોય તેવા સંજોગોમાં પાણીનો છંટકાવ કરો અથવા પશુને પાણીના હવાડા નજીક લઈ જઈ જાવડ અહારમાં તેમને લીલો ચારો આપો. પ્રોટીનચરબી વગરનો આહાર આપો, ખનીજ દ્ર્વ્ય યુક્ત ખોરાક આપો. જ્યારે બહુ ગરમી પડતી હોય એ સમયે ચરાવા ન લઈ જાવ. મરઘા ઉછેર કેંદ્રમાં પડદા લગાવો અને હવા ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો. આટલુ ન કરો બપોરના સમયે પશુઓને ચરવા ન લઈ જાવ.

લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 F2ના રીજન-૫ દ્વારા

# તીથલમાં ‘શ્રી ઉત્સવ’ રીજયન કોન્ફરન્સનું ભવ્ય આયોજન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ જ૨ ના રીજન-૫ ના રીજન ચેરપર્સન લાયન સુધાબેન પરમારના નેતૃત્વ હેઠળ રીજન કોન્ફરન્સ ‘શ્રી ઉત્સવ’ નું ભવ્ય આયોજન વલસાડના તીથલ દરિયાકિનારે, સ્વામિનારાયણ મંદિર પાસે આવેલ ‘સરજુ પેલેસ’ ખાતે કરવામાં આવ્યું હતું. સેવા, સૌહાર્દ અને નેતૃત્વના સંગમ સમાન આ કોન્ફરન્સમાં રીજન-૫ ની વિવિધ ૧૫ લાયન્સ ક્લબોના સભ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પ્રસંગે લાયન્સ ક્લબ બલસાર, લાયન્સ ક્લબ વલસાડ તીથલ રોડ, લાયન્સ ક્લબ પારડી પર્લ, લાયન્સ ક્લબ પારડી, લાયન્સ ક્લબ ઉદવાડા સંજીવની, લાયન્સ ક્લબ ઉદવાડા, લાયન્સ ક્લબ વાપી સેન્ટ્રલ, લાયન્સ ક્લબ વાપી રોયલ, લાયન્સ ક્લબ વલસાડ ડાયમંડ, લાયન્સ ક્લબ વાપી આલ્ફા લાયન્સ ક્લબ ભિલાડ આરાધના અને લીઓ ક્લબ ઉદવાડા સંજીવની દ્વારા કરવામાં આવેલા વિશિષ્ટ સેવાકીય કાર્યો જેવા કે આઈ ચેકઅપ કેમ્પ,




મોતિયાના ઓપરેશન, બ્લડ ડોનેશન કેમ્પ, અંતરિયાળ ગામોમાં અનાજ અને કપડાનું દાન, ધરમપુરના ગામોમાં સ્મશાનગૃહનું આરોપણ, ટીબી પેશન્ટોને ન્યુટ્રિશન કીટ વિતરણ તથા ગાયનેક અવેરનેસ કેમ્પ જેવી પ્રવૃત્તિઓને બિરદાવીને ક્લબના પ્રેસિડન્ટ, સેક્રેટરી અને ટ્રેઝરરશ્રીઓને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સેવાને વરેલી લાયન્સ ક્લબો દ્વારા સ્પોટ activity માં ઘણા રૂપિયાનું દાન નોંધાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન લાયન્સ ક્લબો દ્વારા રજૂ કરાયેલ બેનર પ્રેઝન્ટેશન, એક્ટિવિટી ડિસ્પ્લે શીટ, સુપર રજીસ્ટ્રેશન અને આકર્ષક ડ્રેસિંગે સર્વે માં વિજેતા ને ઈનામો અપાયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો માં district governor લાયન મોનાબેન દેસાઈ, & DG ટીમ અને પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નરઓ તેમજ મુખ્ય અતિથિ તરીકે લાયન ઉષાબેન દેસાઈ, લાયન કિશોરભાઈ ગાંધી અને લાયન મિટુલભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર આયોજનને સફળ બનાવવામાં કોન્ફરન્સ ચેર પર્સન લાયન મહેશભાઈ, કો-ચેરપર્સન લાયન પાલેશભાઈ, લાયન પ્રેમલભાઈ, તમામ ઝોન ચેરપર્સનો તથા સમગ્ર ‘શ્રી ઉત્સવ’ ટીમનો સિંહફાળો રહ્યો હતો. વર્ષની શરૂઆતથી જ રિજીયન ચેરપર્શન સુધાબેન ના નેતૃત્વ હેઠળ One Region One Activity ના સૂત્ર હેઠળ તમામ લાયન્સ ક્લબો સાથે મળીને કરેલા સેવાકાર્યો આ કોન્ફરન્સના માધ્યમથી મહેકી ઉઠ્યા હતા.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## સ્મિત પાછળનું મૌન



આજની આ ભાગદોડ ભરેલી દુનિયામાં આપણે બધા એક અજાણી સ્પર્ધામાં ઉતરી પડ્યા છીએ. આ સ્પર્ધા છે સુખી દેખાવાની. સોશિયલ મીડિયાના ફિલ્ટર્સ હોય કે રસ્તામાં મળતા પરિચિતો સાથેની ઔપચારિક મુલાકાત, આપણે હંમેશા આપણા ચહેરા પર એક કૃત્રિમ સ્મિત ઓઢી લઈએ છીએ. કારણ કે, દુનિયાને તો ફક્ત તમારા સ્મિત સાથે જ મતલબ હોય છે. કોઈને તમારી જિંદગીના ગૂંચવાયેલા તાણાવાણામાં રસ નથી. કેમ છો? ના જવાબમાં 'મજામાં' સાંભળવાની આદત પડી ગયેલા આ સમાજ પાસે તમારી વેદના સાંભળવાનો સમય નથી. હકીકત એ છે કે, લોકો તમારી સફળતામાં ભાગીદાર થવા તૈયાર છે, પણ તમારા સંઘર્ષના અંધકારમાં તમારી સાથે ચાલવા કોઈ તૈયાર નથી. પરંતુ, શું દરેક સ્મિત પાછળ ખુશી જ હોય છે? ના. ઘણીવાર અટ્ટહાસ્ય પાછળ ડૂસકાં છુપાયેલા હોય છે. આ મૌનને સમજવાની શક્તિ દરેક પાસે હોતી નથી. આપણા મૌનને તો માત્ર એ જ સમજી શકે જેણે પોતે ક્યારેક એ મૌન પાળ્યું હોય. જેણે રાતોની રાતો છત સામે તાકીને વિતાવી હોય, જેણે પોતાના સપનાઓને વેરવિખેર થતાં જોયા હોય અને જેણે હૃદયના ખૂણે પડેલી પીડાને ગૂંગળાવી હોય, તે જ વ્યક્તિ બીજાની આંખોમાં છુપાયેલું દર્દ વાંચી શકે છે. પીડાની પણ એક જ્ઞાતિ હોય છે, અને એ જ્ઞાતિ એટલે 'અનુભવ' એક પરાજિત વ્યક્તિ જ બીજાની હારનો અફસોસ સમજી શકે છે. આપણે 'સ્માર્ટ' બનવાની લ્હાયમાઁ સંવેદનશીલ બનવાનું ભૂલી ગયા છીએ. આપણે એવા તબીબ બની ગયા છીએ જે રોગ તો ઓળખે છે પણ દર્દીનો કણસાટ સાંભળી શકતા નથી. આપણે યાદ રાખવું જોઈએ કે, દરેક ચૂપ રહેતી વ્યક્તિ અબોધ નથી હોતી., દરેક સ્મિત કરતો ચહેરો સુખી નથી હોતો. મૌન એ કોઈ ત્યાગ નથી, પણ ક્યારેક એ મનની છેલ્લી લડાઈ હોય છે. જો આપણી આસપાસ કોઈ એવું હોય જે અચાનક શાંત થઈ ગયું હોય, તો તેના સ્મિતની રાહ જોવાને બદલે તેના મૌનને સાંભળવાનો પ્રયત્ન કરવો જોઈએ. કદાચ એને ઉપદેશની નહીં, પણ માત્ર એક એવી વ્યક્તિની જરૂર હોય જે એમ કહી શકે કે, હું તારી વેદના સમજું છું, કારણ કે મેં પણ એ અનુભવી છે. કશુંક લખવા કે કહેવા માટે માત્ર શબ્દો પૂરતા નથી હોતા, ક્યારેક અતીતની એ પીડામાંથી પસાર થવું પડે છે જે શબ્દ વગર પણ ઘણું કહી જતી હોય છે.

**- કિંજલ પંડયા, પારડી**

## આપણી ટેવો આપણું વ્યક્તિત્વ ઘડે છે !



સારી ટેવો આપણું જીવન અને સ્વાસ્થ્ય માટે જરૂરી છે જેમ કે વહેલા ઉઠવું, કસરત કરવી, નિયમિત જમવું, સુવુ, વહેલી સવારે કે સાંજે વોક કરવું, શરીરને હલાવતા રહેવું, આંખો ખોલ-બંધ કરવી, હાથપગના આંગળા ખોલબંધ કરવા, પગના પંજા ગોળ ફેરવવા, મો હાથ પર મસાજ કરવી કે થપાટ મારવી જોઈએ વિગેરે સારી ટેવો છે. પરંતુ બિનજરૂરી ટેવ પાડવી તેને કૂટેવ કહે છે. જેમકે હોઠ કરડવા, ગમે ત્યાં થુકવું, પાન - પડીકી ખાવી, બીડી સિગારેટ પીવી, દારૂ તેમજ કેફી પદાર્થો લેવા, મોડા ઉઠવું આ બધી કુટેવો પર ધ્યાન ન આપતાં તે આદતો બની જાય છે. આજનું યુવાધન વ્યસનને એક ફેશન તરીકે અપનાવી રહ્યું છે. આજની યુવા પેઢી દારૂ, પાન, પડીકી, બીડી સિગારેટ માવા અને જાતજાતની બ્રાન્ડના ગુટકાઓનો બેફામ ઉપયોગ કરી રહ્યા છે. મોટરસાયકલ પર જતાં અથવા રસ્તા વચ્ચે ઉભી રાખી માવાના ડૂચો મોંમા નાંખવો કે પછી ગુટકાના પડીકા મોંમા ઠાલવવા એ જાણે એક ફેશન જ બની ગઈ છે. વિવિધ જાહેરાતો કે મિત્રોના આગ્રહને વશ થઇ ઘણા યુવાનો આવા વ્યસનનો ભોગ બનતા હોય છે. તેમને પોતાની તંદુરસ્તીનું પતન અને વિવિધ રોગોનું આહવાન કરી રહ્યા છે. શું આ યોગ્ય છે...? કેવી ટેવો અને આદતો પાડવી એ દરેક વ્યક્તિ ઉપર આધારિત છે.

જે વ્યક્તિને મૂળ સ્વભાવ સકારત્મક અને પ્રકૃતિપ્રેમી છે તેની આદતો પણ એજ દિશામાં વિકસેલી અને પાંગરેલી જોવા મળશે. પ્રકૃતિને ચાહનારા લોકોની આદતો માણસને હકારાત્મક્તા, આધ્યાત્મિકતા અને સર્જનાત્મકતા તરફ દોરી જાય છે. જયારે તમે કોઈ સારી આદત કેળવવાનું નક્કી કરો છો ત્યારે શરૂઆતના તબક્કામાં તમારે થોડી વધારે મહેનત કરવી પડે છે. શિસ્તબંધ્ધ રહેવું પડે છે પરંતુ એકવાર તે આદત તમારો સ્વભાવનો અને તમારા અર્ધજાગૃત મનનો હિસ્સો બની જાય છે. પછી તે તમને પ્રગતિના મોડ પર સફળતા, શાંતિ અને આનંદ તરફ લઇ જાય છે. સારી આદતો આપણી અંદર નવા રસ્તાઓ બનાવે છે જેનાથી આપણું મન કોઈપણ વિકટ પરિસ્થિતિમા નકારાત્મક તરફ જવાને બદલે સકારત્મક ઉકેલો શોધવા માટે આપોઆપ ટેવાઈ જાય છે. જયારે તમે સકારત્મક આદતો સાથે જીવન જીવો છો ત્યારે તમારા અચેતન મનમાંથી વિના કારણનો ભય અને લોભ દૂર થઇ જાય છે અને તેની જગ્યાએ સંતોષ, ધૈર્ય અને એક પ્રકારનો વૈચારિક સમૃદ્ધિ આવી જાય છે.આખરે આપણે એ સમજવું રહ્યું કે આદતો કંઈ એક રાતમાં બનતી નથી અને એક ઝાટકે છુટ્ટી પણ નથી. દરેક બાબતમાં સમયસર નિર્ણય લેવો જોઈએ સાથે મક્કમ સંકલ્પ કરવો જરૂરી છે. રોજિંદા જીવનમાં આપણે જે નાનામાં નાના દેખીતી રીતે સાધારણ લાગતા નિર્ણયો લઈએ છીએ તે સમય જતાં મોટી અડીખમ આદતનું રૂપ ધારણ કરે છે. માત્ર આજની નાની નાની આદતો બદલવાની જરૂર છે કારણ કે તમારી આદતો આપોઆપ તમારું ભવિષ્ય બદલી નાંખશે.

**-ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી**

## તિરંગાનું અપમાન

હાલમાં જ સંપન્ન થયેલા ટી-૨૦ વર્લ્ડકપ મેચની ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે ભારત જીત્યું સમગ્ર ભારતીય ક્રિકેટરોને પુરી ટીમને હાર્દિક અભિનંદન આપીએ એટલા ઓછા છે. સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન માત્ર સાઉથ આફ્રિકાની ટીમ સામે જ ભારત હાર્યુ ત્યાં તો ક્રિકેટના પંડિતો નારાજ થઈ ગયા. કેટલાકે તો પાચ અપશુકનિયાળ ક્રિકેટરોને ટીમમાંથી કાઢી મુકવા પર ભાર મુકયો. તોયે એ પછી આપણા રમતવીરોએ એ વાત ધ્યાને ન લેતા આગળની રમત સુધારી વિજય પ્રાપ્ત કરતા રહ્યાં. અંતે ફાઈનલ મેચ જીતી દુનિયાનો એવો પ્રથમ દેશ બન્યો જેણે પાંચ વખત વર્લ્ડકપ જીતવાનો શ્રેય પ્રાપ્ત કર્યો. આનંદ અને ઉત્સાહમાં કેટલીકવાર ખેલાડીઓ રાષ્ટ્રધ્વજની ગરિમા ભુલી જતા હોય છે અને તેવું જ થયુ. હાર્દિક પંડયાએ ખભા પર તિરંગો ઓઢીને મેદાન પર નાચતા દોડતાં દેખાયો. ત્યાં સુધી કદાચ માની લઈએ એ ખુબ ઉત્સાહમાં હોય પરંતુ પોતાની ગર્લફ્રેન્ડ સાથે સ્ટેજ પર સુતેલા હોવું એને ત્યારે પણ ખભા પર તિરંગો હોય એ સંપૂર્ણપણે રાષ્ટ્રધ્વજના સન્માન વિરુધ્ધ વાત છે. નેશનલ એકટ ૧૯૭૧ હેઠળ રાષ્ટ્રધ્વજની ગરિમા જાળવવાવી જાઈએ. જેના દર્શન આપણા દેશમાં કયારેક થતાં નથી. તે ખુબ શરમની વાત છે અને એ માત્ર ક્રિકેટના મેદાનમા ઉપર જ જોવા નથી મળતું આપણે ત્યાં તિરંગાનું અપમાન કરવું જાણે કે ફેશન થઈ ગઈ છે. ઘણા ક્ષેત્રમાં એવુ જોવા મળે છે. હવે એનુ સન્માન મર્યાદા જળવાઈ એ જ હાલના સમયની માંગ છે.

**-શૈલેષ જરીવાલા, ઉદવાડા**

## પ્રજાના પૈસાની સલામતી કેટલી ?



તાજેતરમાં ભાવનગર જિલ્લા સહકારી બેંકનું સર્વર સાયબર માફિયાઓ દ્વારા હેક કરીને રૂપિયા ૭ કરોડ જેટલી ખૂબ મોટી રકમ બેંકમાંથી જ સીધી ટ્રાન્સફર કરી લીધાના સમાચાર વાંચીને લોકો ચોંકી ઉઠ્યા છે. જાહેર જનતામાં એવી ચર્ચા શરૂ થઈ ગઈ છે કે હવે બેંકમાં પણ પૈસા સલામત નથી. અત્યાર સુધી એવું બનતું હતું કે લોકોના વ્યક્તિગત બેંક એકાઉન્ટને હેક કરીને પૈસા સાયબર માફિયાઓ સેરવી લેતા હતાં. લોકો હવે બેંકમાં વધુ બેલેન્સ રાખવાથી પણ ભય અનુભવી રહ્યા છે. બેંકની આખે આખી સિક્યુરિટી સિસ્ટમને હેક કરવામાં ગઠિયાઓ જો પાવરધા થઈ જશે તો લોકો પોતાની બચતની રકમ ક્યાં રાખશે ? સાયબર ચીટિંગના વધતા જતાં બનાવોથી લોકો ફફડી રહ્યા છે. વ્યક્તિગત ખાતામાંથી ઉપડી જતા પૈસા અંગે લોકો ચિંતિત હતાં જ ત્યાં તો હવે બેંકના ખાતામાંથી બારોબાર પૈસા ઉપડી જતા પ્રજા બિચારી બનીને ભય હેઠળ જીવી રહી છે. સાયબર ગઠિયાઓ દિવસેને દિવસે બેફામ બનતા જાય છે. એક બાજુ આપણે ૨૧મી ટેકનોલોજીની સદી અને ડિજિટલ યુગમાં શ્વાસ લઈ રહ્યા છે તેનું ગૌરવ અનુભવીએ છીએ અને બીજી બાજુ આ અદ્યતન ટેકનોલોજીથી લોકો ચિંતિત પણ થઈ રહ્યા છે. ડિજિટલ ક્રાંતિ પછી માણસ માનસિક રીતે અશાંતિ અનુભવે તે પણ કમનસીબી છે. સાયબર માફિયાઓ હવે વ્યક્તિગત બેન્ક એકાઉન્ટમાંથી બે પાંચ લાખ રૂપિયા સેરવી લેવાને બદલે સીધો બેંક પર સાયબર એટેક કરીને કરોડો રૂપિયા ટ્રાન્સફર કરી લે એ પ્રકારનો બનાવ આપણે સૌ ઈચ્છીએ કે પહેલો અને છેલ્લો જ હોય ! બેંક પર કરેલ સાયબર હુમલામાં સંડોવાયેલી વ્યક્તિઓ વહેલામાં વહેલી તકે પકડાઈ જાય અને લોકોનો બેંક પણ વિશ્વાસ પુનઃ સ્થાપિત થાય તે જોવાની જવાબદારી સરકારની છે. સાયબર ક્રાઈમ અને ડિજિટલ એરેસ્ટના વધતા જતા બનાવોને પરિણામે લોકો ડર અનુભવી રહ્યા છે. એમ કહેવાય છે કે સાયબર ક્રાઈમ કરવા માટે લોકોને નોકરી પર રાખવામાં આવે છે. જેઓએ પોતાની નોકરીના ભાગરૂપે લોકો સાથે ડિજિટલ છેતરપિંડી કરવાની હોય છે.

**-ડો. જે. એમ. નાયક, નવસારી**

## મધપૂડો છોડીને વેરપૂડો શું કામ બાંધવાનો?



આજે તો જ્યાં જુઓ ત્યાં ઘણાં માણસો આપસમાં બસ લડતા જ હોય છે. સામાન્ય વાતમાં પણ લડવાનું જ પસંદ કરે છે. લડવામાં એવી તો શી મજા આવે છે! સમજાતું નથી. માણસ બાહ્ય રીતે લડે છે એ તો દેખાય છે. એ જિંદગી લડે છે. મેણા ટોણાં મારીને લડે છે. હાથથી લડે છે. શસ્ત્રોથી લડે છે ? લડવું એ જાણે કે જન્મસિદ્ધ માણસનો અધિકાર છે. એવી રીતે એ જીવે છે. કેટલાંક માણસો બહારથી લડતા નથી પણ અંદરને અંદર લડે છે. હૃદયને છાને ખૂણે એકમેકને ધિક્કારે છે. વેરપુડો બાંધે છે અને મધપૂડાને ભૂલી જાય છે. લડવા માટે બે કે બેથી વધારે માણસ જોઈએ. લડવા માટે સંબંધ જોઈએ. મિત્ર ક્યારે દુશ્મન થાય એ કહેવાય નહીં મોટી મોટી પ્રેમની વાતો કર્યા પછી, લગ્નને જાહેરમાં ઉજવ્યા પછી, એ લગ્ન પણ ક્યારે ભાંગી પડે એ કહેવાય નહીં. લગ્નના અગ્નિને ધુમાડો થતાં વાર નથી લાગતી. મોટાભાગની ભાગીદારી છેવટે અભાગીદારી હોય છે. ભાઈ - ભાઈઓનો માળો ઓચિંતો ચૂંથાઈ જાય છે. પછી એકમેકનુ બુરુ બોલવું, બુરુ ઈચ્છવું આ બધું શરૂ થાય છે. આ લડવાના મૂળ માણસનાં અહમમાં હોય છે. માણસ - માણસ વચ્ચેનું યુદ્ધમાં કડવાશ એટલી વધે છે કે માણસાઈનું નામનિશાન રહેતું નથી. ગુસ્સામાં માણસ જે બોલે છે એ ટેપ કરી સ્વસ્થતાથી કોઈક ક્ષણે પોતે પોતાના અવાજ સાંભળે તો પોતે શરમિંદો થયા વિના રહેશે નહીં. ઘણીવાર તો આપણે સાવ નકામી બાબત માટે લડતા હોઈએ છીએ. અને ચૂથણાં ચૂથતા હોઈએ છીએ. કોઈકે કહ્યું છે કે ઘેટું જો શાહકારી હોય તો એણે વરૂને શાકાહારી વિશે વાત ન કરવી જોઈએ. કોઈકને બદલવાના અને આપણાં જેવા કરવાના અભરખાના હોવા જોઈએ. જિંદગી એટલી સુંદર અને પવિત્ર છે કે લડવા માટે ટૂંકી લાગે છે અને સાર્થક રીતે જીવવા માટે એ ઓછી પડે છે. એમ પણ વિચારી શકીએ કે, કેટલું જીવીએ એ કરતાં કેવું જીવીએ એ મહત્વનું છે. આપણે બગીચો બનાવીએ છીએ કે કાંટાની વાડ કરીએ છીએ, આપણે દીવાલો રચીએ છીએ કે સેતુ બાંધીએ છીએ, એનો આધાર આપણાં પર છે. કેટલાંક માણસો અરીસા સામે ઉભા હોય તો પણ લડે એવા હોય છે. લડ નહીં તો લડનારો આપ એવી એમની વિકૃત વાસના હોય છે. લડવા માટે તે જાતને પણ ન છોડે. એ જગતને કઈ રીતે છોડી શકે? મારા ભાઈ! જીવન એ લડવા માટે નથી પણ એકબીજાને જિવાડવા માટે છે. જીવન એકબીજાનાં સુખ દુઃખમાં સાથે રહીને જીવનને વૃંદાવન બનાવવા માટે છે. તું શીદને લડે છે જીવનમેદાનમાં રે... એક દિન જવાનું છે સ્મશાનમાં રે.... **- અશરફ ચુડાસમા, ભીલાડ**

## નવ પ્રભાત, નવ સંકલ્પ - ગુડી પાડવો



ભારતીય સંસ્કૃતિમાં નવું વર્ષ માત્ર કેલેન્ડર બદલાવ નહીં, પરંતુ આધ્યાત્મિક જાગૃતિ, સંસ્કાર અને નવા સંકલ્પોનો પ્રારંભ છે. ગુડી પાડવો, વિક્રમ સંવતનું નવવર્ષ અને ચૈત્રી નવરાત્રી - આ ત્રણે ઉત્સવો આપણા જીવનમાં શુભતા, શક્તિ અને સમૃદ્ધિ લઈને આવે છે.જેમકે ગુડી પાડવો - વિજય અને સુખનો પ્રતીક ગુડી પાડવો ખાસ કરીને મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવાતો તહેવાર છે. આ દિવસે લોકો પોતાના ઘરના દરવાજા પર 'ગુડી' (ધ્વજ) સ્થાપે છે, જે વિજય, સમૃદ્ધિ અને સદભાગ્યનું પ્રતીક માનવામાં આવે છે.

માન્યતા છે કે આ દિવસથી ભગવાન બ્રહ્માએ સૃષ્ટિની રચના શરૂ કરી હતી.

કેટલાક લોકો આ દિવસને શ્રીરામજીના અયોધ્યામાં વિજય વાપસી સાથે પણ જોડે છે.

ગુડીમાં, સાડી કે રેશમી કપડું, નીમ અને આમના પાન, ફૂલમાળા, તાંબાનો કળશ આ ગુડી ઘર બહાર ઊંચે બાંધીને નકારાત્મક ઊર્જાને દૂર અને સકારાત્મક શક્તિઓને આમંત્રિત કરવામાં આવે છે. એ જ રીતે વિક્રમ સંવત - ભારતનું પ્રાચીન ગૌરવ ભારતનું પરંપરાગત કેલેન્ડર વિક્રમ સંવત હજારો વર્ષ જૂનું છે. આ સંવતની શરૂઆત રાજા વિક્રમાદિત્યના વિજય પછી થઈ હતી.

આ દિવસથી નવું વર્ષ શરૂ થાય છે. ચૈત્ર મહિનાની શુક્લ પક્ષની પ્રતિપદાથી શરૂ થતી આ નવરાત્રીમાં મા દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે.

આ સમયને પ્રકૃતિના નવજીવનનો સમય પણ કહેવાય છે.

શિયાળાની ઋતુ પછી શરીર અને મનને શુદ્ધ કરવાની આ ઉત્તમ તક છે.

નવરાત્રીમાં ઉપવાસ અને સાદું આહાર રાખવાથી ડિટોક્સ અને એનર્જી બેલેન્સ થાય છે.

દરેક દિવસે માતાના અલગ સ્વરૂપની આરાધના થાય છે.

શૈલપુત્રી - શક્તિ અને સ્થિરતા
બ્રહ્મચારિણી - તપ અને સાધના
ચંદ્રઘંટા - શાંતિ અને સાહસ
કુષ્માંડા - સર્જન શક્તિ
સ્કંદમાતા - માતૃત્વ અને રક્ષા
કાત્યાયની - દુષ્ટનો નાશ
કાલરાત્રિ - અંધકારનો અંત
મહાગૌરી - શુદ્ધતા
સિદ્ધિદાત્રી - સિદ્ધિ અને આશીર્વાદ

આ નવ દિવસ આપણને શીખવે છે કે જીવનમાં ધીરજ, શક્તિ, ભક્તિ અને સકારાત્મકતા કેટલું જરૂરી છે. ૯ દિવસ સુધી ઉપવાસ, પૂજા અને ભક્તિ

ઘર અને મંદિરોમાં ગરબા, આરતી અને ભજન અંતમાં રામ નવમી - ભગવાન શ્રીરામનો જન્મોત્સવ પોતાના અંદરના અંધકારને દૂર કરવો

શક્તિ, શાંતિ અને સમર્પણ મેળવવું

આ ત્રણે પવિત્ર પ્રસંગો આપણને એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે.

નવ વર્ષાભિનંદન! ગુડી પાડવા અને ચૈત્રી નવરાત્રીની હાર્દિક શુભેચ્છાઓ!

**-જ્યોતિ યુ. પંડ્યા, અતુલ**

## જીજ્ઞાસા : જ્ઞાનનું પ્રવેશદ્વાર



Curiosity: The Engine of Human Progress કેમ ? કેવી રીતે? આ બે નાનકડા શબ્દોએ માનવ સભ્યતાનો ઈતિહાસ બદલી નાખ્યો છે. જ્યારે એક આદિમાનવે પહેલીવાર બે પથ્થરો ઘસીને જોયું હશે કે શું થાય છે, ત્યારે એ જિજ્ઞાસા જ હતી જેણે અગ્નિની શોધ કરી. આજે આપણે મંગળ ગ્રહ પર રોવર ઉતારી રહ્યા છીએ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બનાવી રહ્યા છીએ, તેની પાછળ પણ એ જ 'જિજ્ઞાસા'નામનું તત્વ કામ કરી રહ્યું છે.

બાળકો જિજ્ઞાસાના જીવંત નમૂના છે. એક રિસર્ચ મુજબ, ૪ વર્ષનું બાળક દિવસમાં સરેરાશ ૨૦૦ થી ૩૦૦ પ્રશ્નો પૂછે છે. આ પ્રશ્નો દ્વારા જ તેઓ વિશ્વને સમજે છે.

કમનસીબે, આપણીશિક્ષણ પધ્ધતિ ઘણીવાર 'વધારે પ્રશ્નો ન પૂછવા'પર ભાર મૂકીને આ કુદરતી ભેટને દબાવી દે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાચું જ કહ્યું હતું 'મારી પાસે કોઈ ખાસ પ્રતિભા નથી, હું માત્ર અત્યંત જિજ્ઞાસુ છું.'

નિર્ણય શક્તિઁજિજ્ઞાસુ માણસ કોઈ પણ વાતને આંધળી રીતે સ્વીકારવાને બદલે તેના પાસાઓ તપાસે છે, જેથી તેના નિર્ણયો વધુ સચોટ હોય છે. આજના માહિતીના યુગમાં આપણેઁ સ્ક્રોલિંગઁ માં એટલા મશગૂલ છીએ કે ઊંડી જિજ્ઞાસા ખોવાઈ રહી છે. તેને ફરી જગાડવા માટેઁ 'કેમ'પૂછવાનું શરૂ કરો,રોજબરોજની વસ્તુઓ કેવી રીતે કામ કરે છે તે જાણવાનો પ્રયત્ન કરો.

વિવિધ વિષયોનું વાંચન કરો,માત્ર તમારા કામના જ નહીં, પણ વિજ્ઞાન, કલા, ઈતિહાસ અને મનોવિજ્ઞાન જેવા વિષયો પણ વાંચો. આજના આધુનિક યુગમાં, જ્યાં મશીનો આપણું કામ કરી રહ્યા છે.

ત્યાં આપણી જિજ્ઞાસા જ આપણને મશીનોથી અલગ પાડે છે. તેથી, તમારી અંદરના એ નાના બાળકને ક્યારેય મરવા ન દો, યાદ રાખો, દરેક મહાન શોધની શરૂઆત એક સાધારણ સવાલથી થાય છે.

**-ડો. મનીષકુમાર પટેલ, વાંસદા**

## મૌન તોડો, મન ખોલો



આજના આધુનિક અને સ્પર્ધાત્મક યુગમાં આપણે આપણા શરીરની તંદુરસ્તી પાછળ તો ઘણો સમય આપીએ છીએ, પણ ક્યાંકને ક્યાંક આપણા મનની શાંતિને ભૂલી જઈએ છીએ. જ્યારે શરીરમાં નાની એવી ઈજા થાય તો આપણે તરત ડોક્ટર પાસે દોડીએ છીએ, પરંતુ જ્યારે મનમાં વિચારોનું વંટોળ સર્જાય કે કોઈ મૂંઝવણ આપણને અંદરથી કોરી ખાતી હોય, ત્યારે આપણે તેને છુપાવવાનો પ્રયત્ન કરીએ છીએ. આ માનસિક સંઘર્ષ સમયે જ એક કાઉન્સિલર અથવા માર્ગદર્શકની ભૂમિકા દીવાદાંડી સમાન સાબિત થાય છે. હું આજે આ વિષય પર એટલા માટે લખી રહી છું કારણ કે મેં પોતે આ પરિવર્તન અનુભવ્યું છે. એક સમય એવો હતો જ્યારે હું અંદરથી સાવ હારી ગઈ હતી. મનમાં નિરાશા હતી અને આગળ વધવાનો કોઈ રસ્તો દેખાતો નહોતો. એ કપરા સમયમાં મારી કાઉન્સિલર મેમે મારો હાથ પકડ્યો. તેમણે મને માત્ર સાંભળી જ નહીં, પણ મને માનસિક રીતે એટલી મજબૂત બનાવી કે હું ફરીથી મારા લક્ષ્યો અને સપનાઓ પાછળ દોડવા માટે સજ્જ થઈ શકી. આજે હું જે આત્મવિશ્વાસ સાથે ઊભી છું, તેમાં તેમના યોગ્ય માર્ગદર્શનનો અમૂલ્ય ફાળો છે.

જીવનનું એક કડવું સત્ય એ છે કે કોઈપણ કામ આપણે હંમેશા એકલા હાથે કે જાતે નથી કરી શકતા. જીવનના દરેક તબક્કે આપણે કોઈને કોઈની મદદ લેવી જ પડે છે. જેમ એક નાનું બાળક ચાલતા શીખવા માટે આંગળી પકડે છે, તેમ જીવનની મૂંઝવણો ઉકેલવા માટે અનુભવી માર્ગદર્શકની જરૂર પડે છે. મદદ માંગવી એ કોઈ નબળાઈ, લાચારી કે પાગલપંતી નથી, પરંતુ તે એક સમજદારી અને બહાદુરીની નિશાની છે. યાદ રાખજો, તમે દુનિયામાંથી વિદાય લેશો ત્યારે પણ એકલા નથી જવાના, શ્મશાન સુધી પહોંચવા માટે પણ ૪ લોકોના ખભાની જરૂર પડશે; તો પછી જીવતા જીવ મદદ લેવામાં સંકોચ શેનો?

કાઉન્સિલર પાસે જવાથી ઘણા ફાયદા થાય છે તેઓ તમને કોઈ પણ પૂર્વગ્રહ રાખ્યા વગર સાંભળે છે. તેઓ તમને જજ નથી કરતા. તેઓ આપણને સમસ્યાને એક હકારાત્મક દ્રષ્ટિકોણથી જોતા શીખવે છે. ઘણીવાર ઉકેલ સામે જ હોય છે, પણ તણાવને કારણે આપણે તે જોઈ શકતા નથી.ખાસ નોંધઁ કાઉન્સિલરની સેવાઓ હવે ઘણી હોસ્પિટલોમાં પણ સરળતાથી મળી રહે છે, તેથી જરૂર જણાય તો અચકાયા વગર સંપર્ક કરવો જોઈએ.

**-અંજલિ પ્રજાપતિ, પારડી**

## પરીક્ષા રૂપી રિક્ષાની સવારીમાં સલામત રહેજો હો!



પરીક્ષા શબ્દ સાંભળતા જ ભલભલાના પરસેવા છૂટી જતાં હોય છે. એક સમય હતો કે, પરીક્ષા વર્ષમાં એક વાર લેવાતી. પછી આવી સેમેસ્ટર સિસ્ટમ આવીને છ-છ મહિને પરીક્ષા લેવાનું શરૂ થયું. એ ઓછું હતું એમ સાપ્તાહિકપરીક્ષા લેવાના નામ પર અને એકમ કસોટીના નામ પર કેટલું આવડ્યું એ જાણવાની કે માપવાની કોશિશમાંબાળકો, વાલીઓ અને શિક્ષકો આખા વર્ષ માટે પરીક્ષાની માયાજાળમાં ફસાઈ ગયા. સાપ્તાહિક કસોટીમાં આવતા ઓછા કે વધુ ગુણબાળકના જે તે અઠવાડિયામાં શીખેલી કે ગોખેલા ભણતરનું પરિણામ છે. વળી, વાર્ષિકપરીક્ષાનો ભય દૂર કરવા છ માસિક પરીક્ષાઓ લેવાતા વિદ્યાર્થીઓનું ભારણ ઘટવાને બદલે વધી ગયું.

એક સેમેસ્ટર દરમિયાન કોઈ આકસ્મિક કારણોસર જો વિદ્યાર્થીના ગુણ ઓછા આવે ત્યારે એની સીધી અસર એના સત્રાંત પરિણામપરપડે છે. આજના ઝડપી ટેક્નોલોજી યુગમાં જેટલી સુવિધાઓ વધી છે, સામે એટલી જ જટિલતા વધી ગઈ છે.

સરળ જીવન શાંતિનું પ્રતિક છે. તો પણ આજે વિદ્યાર્થી, એના શિક્ષકો કે વાલીઓ હરસમય એક છુપાતણાવમાં જીવી રહ્યા છે. ભારતની શિક્ષણ પ્રણાલી અને પરીક્ષા પદ્ધતિ એટલી હદે જટિલ બની ગઈ છે કે, મોંઘી ફીસ ભરીને બાળકનું સોનેરીભવિષ્યઘડવાના સપનાને સાકાર કરવા વાલીઓ પોતે છુપી હરીફાઈના ભાગ બની ગયા છે. શાળાની નામના ઉભી કરવા સંચાલકો ઓછા વેતન પર અણઘડ શિક્ષકોને નિયુક્ત કરી વર્ગનું ૧૦૦ ટકા પરિણામ લાવવા દબાણ કરતાં હોય છે. આ દબાણ શિક્ષકો થકી વિદ્યાર્થી સુધી પહોંચે છે અને અંતે બધા જ પરિણામની લ્હાયમાં પરીક્ષાનો મૂળહાર્દ વિસરી જાય છે.

ખરેખર, તો શિક્ષણ બાળકનો સર્વાંગી વિકાસ કરવા માટે હોય છે. બાળક ખેલકૂદ, ચિત્રકલા, સંગીત, નૃત્ય, નાટ્યકલા, કૃષિ, વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, અવકાશ વિજ્ઞાન, જીવ સૃષ્ટિ, ખનિજ, જીવન નિર્વાહ માટેના કૌશલ્યો વગેરે શીખવવા માટે શિક્ષણ હોવું જોઈએ. આજના બાળકો રમતગમતથી દૂર છે, શરીર ખડતલ નથી. સવારથી સાંજ સુધી શાળા અને ટ્યુશન જવાના એમના વ્યસ્ત કાર્યક્રમમાં ઘર ખાલી થોડી વાર જમવા અને સુવાની વ્યવસ્થા પૂરું પાડવાનું સાધન લાગે.

એમાં જીવનના ૧૬ કે ૧૭ વર્ષથી બાળક ઉજ્જવળ કારકિર્દી બનાવવા પાછળ જ લગી રહેતો હોય એખરેખર રોબોટ માફક જ જીવન જીવે છે.

૨૦ ટકા કેસમાં વાલીઓ અને શિક્ષકો બાળકોને ઈતર પ્રવૃત્તિઓ અને કૌશલ્યો શીખવી એમને જીવનની સાચીસાર્થકતા તરફ દોરી જાય છે, ભૌતિક સુખ સુવિધા મળવા છતાં આત્મિક શાંતિ માટે તો ખાલી પરીક્ષામાં આવેલી ઊંચી ટકાવારી કરતાં જીવનમાં બાળપણમાં શીખેલા કૌશલ્યો અને મૂલ્ય - સંસ્કારો જ કામ આવશે. માટે જો જીવનને ઉન્નતબનાવવા માટે સાક્ષરતા જરૂરી છે, પણ જીવનના ભોગે નહિ આ વાત ગાંઠે બાંધીલેવી દરેક માટે અનિવાર્ય છે.

**- નીતા પી.જાદવ ( રાજકોટ)**

## ઉપેક્ષિત જણાતો વયસ્ક નાગરિક



દેશની આઝાદીનો અમૃત મહોત્સવ હજી હમણાં જ રંગેચંગે ઉજવવાનો પ્રયાસ સરકાર દ્વારા મોટા શહેરોથી નાનાં ગામડાંઓ સુધી કરાયો. પરંતુ દુઃખ એ વાતનું છે કે આઝાદીની લડાઈના સાક્ષી એવા ૮૫ કે ૯૦ કે તેથીય વધુ ઉંમરના કેટલાય વયસ્કો હજીય હયાત છે જેમને મળવા પાત્ર કેટલાક હકો અને સવલતો વિષે અનેક વાર સમાચાર પત્રો તથા સંસદમાં પણ રજુઆત થઈ છે. એ વાત નોંધવી રહી કે જરુર કેટલીક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે જેની અસરકારક અમલીકરણ પણ એટલું જ જરુરી છે. કેટલાક રાજ્યો કે નગરપાલિકા પોતાના રાજ્ય કે વિસ્તાર માટે કેટલીક રાહતો પણ આપવાની જાહેરાતો કરે છે. ત્યારે પ્રશ્ન એ છે કે આજના એ વયસ્કોને જેમણે પોતાના સમગ્ર જીવન દરમ્યાન એક અથવા બીજી રીતે, સીધી કે આડકતરી સેવા કરી જ હશે, ભરવા પાત્ર કરવેરા ભર્યા હશે. પોતાના અનુભવોનું યોગદાન દેશહિતમાં વધતે ઓછે અંશે આપ્યું જ હશે ત્યારે જીવતરના આ અસ્તાચળે શું તેઓ થોડી વધુ સવલતો કે સલામતીની અપેક્ષા ન રાખી શકે.? સમગ્ર રાષ્ટ્ર એના આદરણીય વયસ્કો માટે એક સમાન પોલીસી હેઠળ ચોક્કસ સવલતો અને સુવિધાઓ માટેની વ્યવસ્થા અને જાહેરાત શાહ માટે ન કરી શકે..

આપણે સૌ જાણીએ છીએ કે સરકારી ઓફીસો, રેલ્વે સ્ટેશન, બસ ડેપો કે બેન્કમાં સીનીયર સીટીઝન માટે, વયસ્કો માટે વિશેષ હરોળની વ્યવસ્થા ચોક્કસ હોવી જોઈએ. કોરોના કાળ પહેલાં રેલવેમાં મુસાફરીમાં વયસ્ક પુરુષો તથા મહિલાઓને ૪૦ થી ૫૦ ટકા જેટલી ભાડા રાહત મળતી હતી પરંતુ કોરોના કાળ પત્યાને ચાર વર્ષ પછી પણ એ સુવિધા પાછી અપાઈ નથી રહી. જુદા જુદા સ્તરેથી અનેકવાર રજૂઆતો થવા છતાં પણ કંઈ થયું નથી એ આશ્ચર્યજનક સાથે આઘાતજનક પણ છે. શા માટે આ આપવામાં આવેલી સવલત સરકાર દ્વારા પાછી ખેંચી લેવામાં આવી છે.. સંસદમાં પણ કેટલાક જાગૃત સાંસદોએ આ બાબત રજુઆતો કરી હતી. વયસ્ક મંડળોએ પણ સ્થાનીય સ્તરે, રાજ્ય પ્રતિનિધિઓને તથા સાંસદને રજુઆત કરી જ છે, છતાં પણ આ બાબત ગંભીરતાથી લેવાને બદલે એની જાણે અવગણના કે ઉપેક્ષા થતી હોય તેવું લાગે છે. શું આજ ગણના આ દેશમાં વયસ્કોની છે જેમણે સમગ્ર જીવન આ દેશમાં દેશહિત માટે ખર્ચ્યુ છે. શું આ વયસ્કો મત નથી આપતા. એમનું શું આ જ મહત્વ છે. પ્રશ્ન વિચારવા જેવો તો છે જ પણ વયસ્કો સાથે યુવા પેઢી, સામાજિક સંસ્થાઓ અને જનપ્રતિનિધિઓએ પણ આ બાબત ગંભીરતાથી હાથ ધરી રાજ્ય અને કેન્દ્ર સરકાર સુધી અસરકારક રીતે ભારપૂર્વક રજુ કરી વયસ્કોના અધિકાર માટે નક્કર કરવા આગળ આવવું રહ્યું.

હાલની સામાજિક અને કૌટુંબિક વ્યવસ્થા શહેરો તરફનું પ્રયાણ અને વિભક્ત પરીવારની માનસિકતાના કારણે પ્રત્યેક પરીવારના વયસ્કોની પરિસ્થિતિ અને હાલત ખૂબ જ ધ્યાન અને કાળજી માંગે છે ત્યારે જનપ્રતિનિધિઓ વયસ્કોની જરૂરી એવી વધુ અને વધુ સવલતો ઉપલબ્ધ કરાવવા ઘટતું કરે એ આજની તાતી જરૂરિયાત છે.

વયસ્કો માટે એ અત્યંત આવશ્યક અને અનિવાર્ય એવી જરુરીયાત છે અને રહેશે.આશા છે વયસ્કોની આવતી કાલ વધુ સુરક્ષિત, સવલતભરી અને સહજ હોય એ માટે સરકાર ઘટતું કરવા પ્રેરાય.ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!!!

**- લાયન કિરીટ શાહ, વાપી**

## આત્મસમર્પણ છે - પ્રેમ



આપણે જેને પ્રેમ કહીએ છીએ તે વાસ્તવમાં તો આપણા અંતરમાં રહેલી દિવ્યભાવના છે. આ ભાવનાને પ્રગટ કરીને આપણે કોઈને મહાન સૌભાગ્યની દિશામાં આગળ વધારી શકીએ છીએ. આપણી પાત્રતા વધારવા માટે આપણે આપણા જીવનના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કટિબધ્ધ થવુ પડે છે. જેની પાસે પ્રેમરૂપી મહાન સંપત્તિ છે. તેનું જીવન કદાપિ સાંસારિક વિષયોમાં ફસાતું નથી. પ્રેમ એક અત્યંત ઉચ્ચ અને દિવ્ય તત્વ છે. જે મનુષ્ય આ બાબતને સારી રીતે સમજી લે છે તેનઁ જીવન અત્યંત સરળ બની જાય છે. તે બીજાઓની સેવા કરવા પોતાના જીવનનો સદુપયોગ કરે છે. લોકો પ્રેમનો ખોટો અર્થ કરીને પોતાના અંતરાત્માનું પતન કરે છે. અને સમાજમાં પ્રેમ વિશે ખોટી માન્યતા ફેલાવવામાં બહુ મોટી ભુમિકા ભજવે છે. પ્રેમ અંતઃકરણની મહાન અને ઉદાત્ત વૃત્તિનું નામ છે. સામાન્ય રૂપમાં માણસ તેને ભલે ગમે તે સમજે પરંતુ પ્રેમ તો આત્માથી થાય છે. તેમાં શુદ્ધતા તથા પવિત્રતા રહેલી હોય છે.

પ્રેમ દિવ્ય હોય છે. સાચો પ્રેમ મરેલ મડદામાં પણ પ્રાણ ફુકી દે છે. પોતાને ઓગાળી નાંખવાનું નામ જ પ્રેમ છે. આપણો પ્રેમ જેટલો પરિપૂર્ણ હશે એમાં સાંસારિક આકર્ષણ આસકિત તથા વિકાર જેટલા ઓછાં હશે એટલું જ પ્રેમનું દિવ્ય સ્વરૂપ જોવા મળશે. આજ પ્રેમનું સાચુ અને ઉદાત સ્વરૂપ છે. એવો નિઃસ્વાર્થ પ્રેમ જ વાસ્તવમાં સાચો પ્રેમ કહેવાય છે.

**- હર્ષદ દેસાઈ, વટાર**


**'દમણગંગા ટાઈમ્સ'**

દૈનિક હવે ઈન્ટરનેટ પર PDFમાં કોઈપણ વ્યક્તિને વિશ્વમાં કોઈપણ સ્થળે ઉપલબ્ધ છે.

www.damangangatimes.com

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9825122505,9558820014

# વાપી હાઈવે બ્રીજ નીચે ગેરકાયદે વાહન પાર્કિંગ અને અસામાજીક તંત્વોનો અડ્ડો બન્યો

**શ્યામજી વર્મા ચોક પાસેના હાઈવે બ્રીજ નીચે સવારથી મોડી રાત સુધી ટ્રાફિક પોલીસ અને હોમગાર્ડની હાજરી હોવા છતાં ગેરકાયદે પાર્કિંગ સામે કાર્યવાહી કેમ કરાતી નથી તેવા અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે**





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૮ :** વાપી નેશનલ હાઈવે ઉપર આવેલ તમામ ઓવરબ્રિજ અને તેના નીચે વહનચાલકો તેમજ રાહદારીઓને મુશ્કેલી ન પડે જે અંગે કરોડો રૂપિયાનો ખર્ચ કરી વહીવટી તંત્ર દ્વારા સુવિધા ઉભી કરવામાં આવી છે પરંતુ આ બ્રિજના નીચેના ભાગમાં કેટલાક અસામાજિક તત્વો અને ભિક્ષુકો એ કબજો લીધો છે સાથે મુખ્ય માર્ગની આજુબાજુમાં ગેરકાયદે પાર્કિંગથી લોકોને ટ્રાફિકની સમસ્યાનો પણ સામનો કરવો પડી રહ્યો છે. જે અંગે તાત્કાલિક વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરી પગલા ભરવામાં આવે તેવી માંગ કરાઈ રહી છે

પ્રાપ્ત વિગત મુજબ વાપી નોટિફાઇડ બોર્ડ અને વાપી મહાનગરપાલિકા દ્વારા વાપીમાં લોકોને તમામ સુવિધાઓ અને ટ્રાફિકથી મુક્તિ મળે તે માટે વાપી થી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ તમામ બ્રિજના નીચે રહેલી ખુલ્લી જગ્યામાં ફ્રી પાર્કિંગ ની વ્યવસ્થા તેમજ કેટલોક ભાગ ખુલ્લો રહ્યો છે. જેમાં હાલમાં કેટલાક અસામાજિક તત્વો અને ભિક્ષુકો દ્વારા કબજો લેવાયો છે અને આ બ્રિજના નીચેથી પસાર થતા માર્ગ ઉપર હાલમાં જ સુવિધા યુક્ત રસ્તો બનાવાયો છે પરંતુ આ રસ્તા ઉપર કેટલાક ખાનગી વહન પાર્કિંગો અને રીક્ષા ચાલકો દ્વારા વાહનો પાર્ક કરાતા હોય છે જેને લઈ અહીં ટ્રાફિકની સમસ્યા ખૂબ જ વધી જવા પામી છે તેમજ વારંવાર અકસ્માતો પણ થઈ રહ્યા છે. જેને ધ્યાને લઈ નેશનલ હાઈવે ઓથોરિટી અને ટ્રાફિક વિભાગ તેમજ સ્થાનિક પોલીસ દ્વારા સ્થળ તપાસ કરી કાર્યવાહી કરવાની જરૂર છે.



# વાપી ટાઉનમાં આરોગ્ય મંદિર આગળ ગેરકાયદે રીક્ષા પાર્કિંગથી દર્દીઓ પરેશાન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૮ :** વાપી ટાઉનમાં આવેલ આરોગ્ય વિભાગ ના આયુષ્માન આરોગ્ય મંદિર ના મુખ્ય ગેટ પાસે રિક્ષાચાલકોની આડેધર પાર્કિંગ તેમજ દાદાગીરીને લઈ અહીં સારવાર માટે આવતા દર્દીઓ તેમજ રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી ટાઉન એટલે કે રેલવે સ્ટેશનની બહાર નીકળતા જ અગાઉ સ્ટરૂફુ વિભાગની જૂની કચેરી ને આરોગ્ય વિભાગ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે નવું આયુષ્માન આરોગ્ય મંદિર શરૂ કરવામાં આવ્યું છે. અહીં રોજેરોજ મોટી સંખ્યામાં વિવિધ રોગથી પીડાતા દર્દીઓ તેમજ જરૂરિયાતમંદ લોકો સારવાર માટે આવતા હોય છે પરંતુ અહીં મુખ્ય ગેટ ઉપર રસ્તાની બાજુમાં જ અનેક રીક્ષા ચાલકો ની ખુલ્લેઆમ દાદાગીરી થી રીક્ષા પાર્ક કરી લેતા હોય છે જેને લઇ દર્દીઓને આરોગ્ય મંદિરમાં જતા પહેલા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે તો સાથે જો કોઈ બીમાર અવસ્થામાં દર્દી હોય અને તેને આયુષ્માન આરોગ્ય મંદિરમાં ખાનગી વાહન કે એમ્બ્યુલન્સથી લઈ જવું હોય તો મુશ્કેલી પડી રહી છે કારણ કે અહીં આડેધડ રીક્ષા પાર્કિંગ કરવામાં આવે છે જેને લઇ ટ્રાફિકની સમસ્યા તેમજ રાહદારીઓને અહીંથી પસાર થવું ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જોકે આ અંગે વહીવટી તંત્ર તેમજ વાપી ટાઉન પોલીસ વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક અહીં ગેરકાયદે પાર્ક થતી રીક્ષા સામે કાર્યવાહી કરવામાં આવે તેવી આરોગ્ય મંદિરમાં આવતા દર્દીઓ અને તેના સંબંધીઓ દ્વારા માંગ કરાઈ રહી છે તો સાથે આ સ્થળે આવેલ દુકાનદારો તેમજ રહેવાસીઓ પણ આડેધડ રીક્ષા ચાલકોથી ત્રાહિમામ પોકારી રહ્યા છે જે અંગે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ તેવો પણ કરી રહ્યા છે.

# વાપીના પરિયા ખાતે સેલ્યુટ તિરંગા દ્વારા રાષ્ટ્રીય કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

**આ ટુર્નામેન્ટમાં આસામ, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ, મુંબઈ, દિલ્હી અને ગુજરાતની સાત રાજ્યની ટીમો ભાગ લેશે જેમાં અનેક ભૂતપૂર્વ ખેલાડી અને અભિનેતાઓ ઉપસ્થિત રહેશે**




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૮ :** વાપી નજીકના પરિયા ગામે રમતગમત ક્ષેત્રે યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા માટે સાંઈ મેઘપન સ્પોર્ટ્સ એકેડમી ખાતે સલૂટ તિરંગા દ્વારા ક્રિકેટ લીગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં દેશભરના વિવિધ રાજ્યોના ૧૬ થી ૨૮ વર્ષના યુવાનો ભાગ લેશે. સલૂટ તિરંગાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને STCLના ચેરમેન રાજેશ ઝાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ ટુર્નામેન્ટમાં આસામ, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ, મુંબઈ, દિલ્હી અને યજમાન ગુજરાત સહિત ૭ રાજ્યોની ટીમો ભાગ લેશે. તેમણે ઉમેર્યું કે આ ટુર્નામેન્ટનો ઉદ્દેશ્ય દેશના ખૂણેખૂણેથી છુપાયેલી ક્રિકેટ પ્રતિભાઓને બહાર લાવવાનો છે.આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમના પૂર્વ ફાસ્ટ બોલર અને વર્લ્ડ કપમાં હેટ્રિક લેનાર ચેતન શર્મા ખાસ હાજરી આપશે. પૂર્વ ભારતીય ક્રિકેટર મદનલાલ પણ યુવા ખેલાડીઓનો ઉત્સાહ વધારવા ઉપસ્થિત રહેશે. સેલ્યુટ તિરંગાના આંતરરાષ્ટ્રીય ચેરમેન રાજેશ ઝાએ જણાવ્યું હતું કે, આપણો ક્રિકેટ પ્રત્યેનો આ જુસ્સો જળવાઈ રહેશે તો ભારત આગામી સમયમાં વિશ્વ સ્તરે ૯૦ ફાઈનલ જીતશે. ટુર્નામેન્ટને વધુ વ્યાપક બનાવવા માટે આગામી સત્રમાં દરેક ટીમમાં ૨ રણજી ટ્રોફીના ખેલાડીઓ અને ૧ સેલિબ્રિટી ક્રિકેટરને સામેલ કરવાનું આયોજન છે. સમગ્ર ક્રિકેટ ટુર્નામેન્ટ માટે સેલ્યુટ તિરંગાના રાષ્ટ્રીય મહામંત્રી ઉત્તમભાઈ પટેલ રાજેશભાઈ પટેલ તેમજ યુવા ધનેશ પટેલ અને તેમની ટીમ દ્વારા ભારે જે મત ઉઠાવી રહી છે.

# કરમખલમાં શ્રી હનુમાન દાદાનો જયંતી મહોત્સવ યોજાશે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૮ :** નાનાપોંઢા તાલુકાના કરમખલ ગામે આવેલ શ્રી કષ્ટભંજન હનુમાન દાદાના મંદિર ખાતે આવતી તા. ૦૨ એપ્રિલ ૨૦૨૬, ગુરુવારના રોજ ચૈત્ર સુદ પૂર્ણિમા નિમિત્તે જયંતી મહોત્સવ તથા મંદિર પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે ગામના ભક્તો તેમજ આજુબાજુના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેશે તેવી શક્યતા છે. આ પ્રસંગે સવારે ૭:૩૦ કલાકે યજ્ઞ વિધિનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૧૧:૩૦ કલાકે ભગવાનની મહા આરતી કરવામાં આવશે. બપોરે ૧૨:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવશે, જેમાં તમામ ભક્તોને પ્રસાદ ગ્રહણ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી કષ્ટભંજન હનુમાન દાદા સાર્વજનિક મંડળ, કરમખલ દ્વારા કરવામાં આવ્યુ છે. મંડળ દ્વારા તમામ ભાવિક ભક્તોને આ પવિત્ર પ્રસંગે હાજર રહી ધર્મલાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વાપી મનપાના સેવા સેતુ કાર્યક્રમમાં ૧૧૫ અરજદારોને સ્થળ પર લાભ અપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૮ :** વાપી મહાનગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૧૫ જેટલા અરજદારોને સ્થળ પર જ વિવિધ સરકારી યોજનાઓ અને પ્રમાણપત્રનો લાભ અપાયો હતો

વાપી મહાનગરપાલિકા દ્વારા તારીખ ૧૩ ૩ ૨૦૨૬ ના રોજ સિનિયર સિટીઝન હોલમાં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ની શરૂઆત વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આસ્થા સોલંકી અને વાપી શહેરના મામલતદાર કાંતિભાઈ કટારીયા ની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરવામાં આવી હતી જેમાં વાપી ટાઉન વિસ્તારના અનેક લોકોએ ઓળખપત્ર દસ્તાવેજિક આધારકાર્ડ રેશનકાર્ડ માં સુધારા વધારા તેમજ સિનિયર



સિટીઝન કાર્ડ અને દિવ્યાંગતા પ્રમાણપત્ર જાતિ આવકના દાખલા ડોમીસાઈલ અને નોન ક્રિમિનલ સર્ટિફિકેટ તેમજ વિવિધ યોજનાઓ અને જનમ મરણના દાખલા તેમજ લગ્નની નોંધણી ટ્રેક્સ -નેપર્ટી ટ્રાન્સફર જેવા અનેક અરજદારો દ્વારા આ કાર્યક્રમમાં કરવામાં આવી હતી જેમાં ૧૧૫ જેટલા અરજદારોને સ્થળ પર જ વિવિધ સરકારી યોજનાઓ અને પ્રમાણપત્રનો લાભ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આસ્થા સોલંકી વાપી શહેર મામલતદાર કાંતિભાઈ કટારીયા વાપી વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ મહાનગરપાલિકાના જન સંપર્ક અધિકારી રામચંદ્રભાઈ દેસાઈ તેમજ વિવિધ એજન્સીઓના અધિકારીઓ તેમજ વાપી મહાનગરપાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મોટી તંબાડીનાં હનુમાનજી મંદિરે જન્મોત્સવ ઉજવાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૮ :** વાપી નજીક મોટી તંબાડી વિસ્તારમાં આવેલા શ્રી પંચમુખી હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતી નિમિત્તે તા. ૨ એપ્રિલ ૨૦૨૬, ગુરુવારના રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન શ્રી પંચમુખી હનુમાનજી મંદિર ટ્રસ્ટ એ- ૫૫૨ દ્વારા કરવામાં આવ્યું છે.




મળતી માહિતી મુજબ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી હનુમાન યજ્ઞ યોજાશે. ત્યારબાદ સવારે ૧૧:૧૦ વાગ્યે ભગવાન હનુમાનજીની વિશેષ આરતી કરવામાં આવશે. આરતી પછી સવારે ૧૧:૩૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ભક્તજનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે.

આ ઉપરાંત સાંજે ભક્તિભાવથી ભરપૂર લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લોકપ્રિય કલાકાર ઉમેશ બારોટ પોતાના ભજન અને લોકગીતો દ્વારા ભક્તોને મંત્રમુગ્ધ કરશે. મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તજનોને મોટી સંખ્યામાં હાજર રહી ભગવાન હનુમાનજીના દર્શન કરીને આશીર્વાદ મેળવવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# સલવાવની બી.એન.બી. ફાર્મસી કોલેજમાં પ્લેસમેન્ટ પૂલ ડ્રાઈવનું આયોજન કરાયું

**વાપી, તા.૧૮ :** શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સલવાવ, સંચાલિત શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવમાં તા. ૧૪મી માર્ચ ૨૦૨૬ શનિવારના રોજ આઇ.ક્યુ.એ.સી. ના સહયોગથી અને ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેલના નેજા હેઠળ અંતિમ વર્ષ બી. ફાર્મ અને એમ.ફાર્મના વિદ્યાર્થીઓના ઉજ્જવળ કારકિર્દી માટે પ્લેસમેન્ટ પૂલ ડ્રાઈવ ફેસ-૧નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્લેસમેન્ટ પૂલ ડ્રાઈવ ફેસ-૧નું આયોજન સંસ્થાના એકેડેમિક ડિરેકટર અને એમ. ફાર્મ ફાર્માસ્યુટિકસ વિભાગના હેડ પ્રોફેસર ડૉ. શૈલેષ વી. લુહારના કુશળ માર્ગદર્શન હેઠળ, કોલેજના આચાર્ય ડૉ. સચિન બી. નારખેડેના નેતૃત્વમાં તેમજ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેલના ઓફિસર આસીસ્ટન્ટ પ્રોફેસર માનસી એમ. બારોટના સફળ સંચાલન અને કાર્યક્રમનું ટેકનીકલ સંચાલન પ્રોફેસર ડૉ. કાંતિલાલ બી. નારખેડે દ્વારા કરવામાં આવ્યું હતું.



આ પ્લેસમેન્ટ પૂલ ડ્રાઈવ ફેસ-૧ ની સચોટ કાર્યવાહી દરમ્યાન સૌ પ્રથમ દરેક વિદ્યાર્થીઓ માટે મોક રાઉન્ડનું આયોજન ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાંથી ૫૫ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા અને શોર્ટલિસ્ટ કરાયેલા વિદ્યાર્થીઓના અંતિમ ઈન્ટરવ્યૂ લઈ આકર્ષક પેકેજ સાથે નોકરીની તક આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ તેમના શૈક્ષણિક જ્ઞાન, વ્યાવસાયિક કુશળતા અને આત્મવિશ્વાસ સાથે ઉત્તમ પ્રદર્શન કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું. કોલેજના આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે આવા પ્લેસમેન્ટ પૂલ ડ્રાઈવ વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવાની તેમજ તેમના ભવિષ્યના કારકિર્દી માટે માર્ગદર્શન અને રોજગારની નવી તકો પ્રાપ્ત કરવાની ઉત્તમ તક પૂરી પાડે છે. સંસ્થા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે અને અંતે તેમણે આવનાર ટીમનો અભાર વ્યક્ત કર્યો હતો.

# વાપીમાં રાજસ્થાનિ સમાજ દ્વારા ગણગૌર ઉત્સવ ઉજવાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૮ :** દર વર્ષની જેમ, રાજસ્થાન ભવનમાં ગંગોર ની ભવ્ય ઉજવણી મહિલા મંડળ, હરિયા પાર્ક દ્વારા સોમવારે રાજસ્થાન ભવનમાં ખૂબ જ ધામધૂમથી સાંસ્કૃતિક ગંગૌર ઉત્સવની ઉજવણી કરવામાં આવી. પરંપરાગત રાજસ્થાની પોશાક પહેરેલી મહિલાઓએ શોભા બધાઈ રજૂ કરી, ત્યારબાદ રાજસ્થાની નૃત્યો અને પરંપરાગત ગંગૌર ગીતો રજૂ કર્યા, જેનાથી વાતાવરણ તેમના વતનની યાદોથી તાજું થયું. મંડળની મહિલાઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમ સંયોજક પુનિતા શર્માએ જણાવ્યું હતું કે ભલે તેઓ પોતાનું વતન છોડીને પોતાના કામ પર આવી હોય, તેઓ રાજસ્થાનની સંસ્કૃતિ અને પરંપરાઓને જાળવી રાખશે. મંડળ દ્વારા, અમે સમયાંતરે યુવા પેઢીઓને માત્ર ગંગૌર ઉત્સવ જ નહીં પરંતુ અમારી મહિલાઓના અન્ય ઉપવાસ અને તહેવારોનો પણ પરિચય કરાવવાનો પ્રયાસ કરીશું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વલસાડ જિલ્લાના સંપર્ક વડા ઉમાકાંત શર્મા, અતિથિ વિશેષ હતાં.

# વાપીમાં હનુમાન જયંતિએ રામકથાનું આયોજન કરાશે

**વાપી, તા.૧૮ :** વાપી દેસાઈવાડ ખાતે આવેલ હનુમાનજી મંદિરમાં જન્મોત્સવ દરમ્યાન સાત દિવસીય રામ કથા અને ગરબાનું આયોજન કરાયું છે.

પ્રાપ્ત વિગતો મુજબ વાપી ટાઉનના દેસાઈવાડ હનુમાનજી મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાન જયંતિનો ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તા.૨૬મી માર્ચથી ૨જી એપ્રિલ સુધી રામકથાનું આયોજન કરાયું છે. સાથે છેલ્લા દિવસે રાત્રે ૮ કલાકે ગરબાનું આયોજન કરાયું છે. આ મંદિર પરિષરમાં દર વર્ષે હનુમાન જયંતિએ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે જેનો ૧૦ હજારથી વધુ લોકો લાભ લે છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન વાપી દેસાઈવાડ હનુમાનજી મંદિરના ટ્રસ્ટ અને મિત્ર મંડળ દ્વારા કરવામાં આવે છે.

# સલવાવની સ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ટોક શો યોજાયો

**વાપી, તા.૧૪ :** શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સલવાવ (વાપી) ખાતે તા. ૧૪ માર્ચના રોજ સાયન્સના વિદ્યાર્થીઓ માટે વિશેષ ટોક શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મહાન વૈજ્ઞાનિક Albert Einstein ના જન્મદિવસ, ગણિતમાં મહત્વપૂર્ણ p (પાઈ) દિવસ તથા પ્રખ્યાત વૈજ્ઞાનિક Stephen Hawking ના નિર્વાણ દિવસ જેવા ત્રિવિધ પ્રસંગોને ધ્યાનમાં રાખીને યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિકોની જીવનયાત્રા, તેમના વૈજ્ઞાનિક યોગદાન તેમજ π (પાઈ)ના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર ભાગ લઈ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને સાયન્સ પ્રત્યે રસ વધાર્યો હતો.

**'દમણગંગા ટાઈમ્સ'**

દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટ **www.damangangatimes.com** ની મુલાકાત લો.

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 19, March 2026

## પાંચ રાજ્યમાં ચૂંટણી : હવે મેદાનમાં મુકાબલો

ચાર રાજ્ય - પશ્ચિમ બંગાળ, આસામ, તામિલનાડુ અને કેરલમ્ ઉપરાંત કેન્દ્રશાસિત પુડુચેરીનો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયો છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીના એનડીએ જૂથ અને કોંગ્રેસના ઈન્ડિયા મોરચાની લોકપ્રિયતા ચૂંટણીની કસોટીની એરણ ઉપર છે. કેન્દ્રમાં મોદી સરકારને હટાવવાના પ્રયાસ નિષ્ફળ ગયા પછી વિપક્ષોએ સંસદમાં સ્પીકર સામે અને ચૂંટણી કમિશનરને નિશાના ઉપર લીધા છે, પણ ચાર રાજ્યમાં ચૂંટણીની જાહેરાત પછી હવે ચૂંટણીનાં મેદાનમાં મુકાબલો થશે. ભાજપ એકમાત્ર આસામમાં સત્તા સ્થાને છે અને કોંગ્રેસે તામિલનાડુમાં શાસક પક્ષ ડીએમકેનો હાથ પકડી રાખ્યો છે. કેરલમ્માં ડાબેરી મોરચા સામે કોંગ્રેસનો લોકશાહી મોરચો છે, જેમાં કોંગ્રેસ મુખ્ય વિરોધ પક્ષ છે. પશ્ચિમ બંગાળમાં પ્રાદેશિક પક્ષ - તૃણમૂલ કોંગ્રેસ સામે ભાજપ મુખ્ય વિરોધ પક્ષ છે. કોંગ્રેસ અને ડાબેરી પક્ષો મેદાનમાં હોવા છતાં મમતા બેનરજી સામે ભાજપનો પડકાર ગંભીર છે. ભાજપે આસામ જાળવી રાખવા સાથે અન્ય રાજ્યોમાં પ્રાદેશિક પક્ષોને કેવી ફાઈટ આપે છે અને સત્તા માટે કેટલી બેઠકો મેળવી શકે છે તે જોવાનું છે, જ્યારે કોંગ્રેસ માટે એકમાત્ર કેરલમ્માં ચાન્સ દેખાય છે, પણ ડાબેરી મોરચાનું સ્થાન - આંતરિક ફાટફૂટ હોવા છતાં મજબૂત મનાય છે. ૨૦૧૪માં અભૂતપૂર્વ વિજય મેળવ્યા પછી ભાજપના એનડીએ મોરચાએ પાંચ વર્ષ પછી - ૨૦૧૯માં લોકસભામાં બેઠકો અને બહુમતી ગુમાવી હતી, પણ ભાજપે લોકસભા પછી આઠ રાજ્યમાં થયેલી ચૂંટણીમાં પાંચ રાજ્યમાં સત્તા મેળવીને સત્તાસ્થાન ટકાવી રાખ્યું છે. ઓડિશા, હરિયાણા, મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશમાં સત્તા મેળવી - આંધપ્રદેશમાં ભાજપના સાથી પક્ષ તેલુગુ દેશમ્ પાર્ટીએ બહુમતી મેળવ્યા પછી ભાજપે વિજય યાત્રા ચાલુ રાખી, ત્યારે વિપક્ષોએ ઝારખંડ, જમ્મુ-કાશ્મીર અને સિક્કિમમાં સત્તા મેળવી છે.

## મોદીએ રાજ્યસભામાંથી વિદાય લેતા સંસદ સભ્યોને સંબોધન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બુધવારે રાજ્યસભામાંથી વિદાય લેતા સંસદ સભ્યોને સંબોધન કર્યું હતું. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, ભૂતપૂર્વ વડા પ્રધાન એચ.ડી. દેવેગૌડા અને એનસીપીના શરદ પવારનો ખાસ ઉલ્લેખ કર્યો. પીએમ મોદીએ જણાવ્યું કે, આ બધા સભ્યોએ સંસદમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે, આ એવા અનુભવી નેતાઓ છે, જેમણે સંસદીય પ્રણાલીમાં અડધાથી વધુ જીવન સમર્પિત કર્યું છે.

નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ એક એવા ગુણ છે જે આપણે બધાએ આ વરિષ્ઠ નેતાઓ પાસેથી અનુસરવા જોઈએ. "હું તેમના યોગદાનની હૃદયપૂર્વક પ્રશંસા કરું છું, કારણ કે આટલો લાંબો કાર્યકાળ સંસદમાં વિતાવવો એ કોઈ નાનીસુની વાત નથી. પીએમ મોદીએ ઉમેર્યું કે આ ગૃહમાં અસંખ્ય મુદ્દાઓ પર ચર્ચા થાય છે, અને દરેક વ્યક્તિ આ ચર્ચાઓમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આ પ્રક્રિયામાં, વ્યક્તિને કડવા અને મીઠા બંને અનુભવોનો સામનો કરવો પડે છે.

## પશ્ચિમ રેલવેની મહિલા કર્મચારીઓનું સન્માન કરાયું



**દમણગંગા ટાઈમ્સ**
**વાપી, તા. ૧૮ :** પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન એ પશ્ચિમ રેલવેના વિવિધ એકમોમાં કાર્યરત ઉત્કૃષ્ટ મહિલા કર્મચારીઓને તેમના સંબંધિત ક્ષેત્રોમાં સમર્પણ, પ્રતિબદ્ધતા અને ઉત્કૃષ્ટ સેવા બદલ સન્માનિત કરવા માટે એક ખાસ સન્માન સમારોહનું આયોજન કર્યું હતું.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ કાર્યક્રમ ૧૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ સૌહાર્દપૂર્ણ અને ઉત્સવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો, જેમાં મહિલા રેલવે કર્મચારીઓ અને પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠનના સભ્યોએ હાજરી આપી હતી. પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠનના પ્રમુખ ઈશા મલિકે કારોબારી સમિતિના સભ્યો અને અન્ય મહાનુભાવોની હાજરીમાં વિવિધ વિભાગોનું પ્રતિનિધિત્વ કરતી ૫૭ મહિલા કર્મચારીઓને પ્રમાણપત્રો અને રોકડ પુરસ્કારો આપીને સન્માનિત કર્યા.

## અશ્વિની વૈષ્ણવે લોક સભાને ભારતીય રેલ્વે દ્વારા કરાયેલી પ્રગતિની માહિતી આપી




**દમણગંગા ટાઈમ્સ**
**વાપી, તા. ૧૮ :** ભારતીય રેલ્વે અભૂતપૂર્વ વિસ્તરણ અને આધુનિકીકરણ જોઈ રહ્યું છે, જેને કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ માં આશરે ૨.૭૮ લાખ કરોડના રેકોર્ડ બજેટરી ફાળવણી દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. સંસદમાં ગ્રાન્ટ્સ (૨૦૨૬-૨૭) ની માંગણીઓ પર ચર્ચાનો જવાબ આપતા, જે દેશભરના તમામ રાજ્યોને લાભ આપે છે અને ઝડપી માળખાગત વિકાસને ટેકો આપે છે. રેલ્વે, માહિતી અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભાને ઉપનગરીય રેલ સેવાઓને મજબૂત બનાવવા અને ભારતીય રેલ્વેમાં મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સને આગળ વધારવામાં નોંધપાત્ર પ્રગતિ વિશે માહિતી આપી. તેમણે ભારતીય રેલ્વેના ચાલુ પરિવર્તનને ધીમી વૃદ્ધિ થી સુપર-ફાસ્ટ પરિવર્તન તરફના પરિવર્તન તરીકે વર્ણવ્યું, જે રાષ્ટ્રીય પરિવહન માટે એક નવા યુગની શરૂઆત દર્શાવે છે.

# હોર્મુઝમાં ફસાયેલા તમામ ૨૨ ભારતીય જહાજો સુરક્ષિત

### ઈરાને જહાજોને સુરક્ષિત રસ્તો આપવા બદલ ભારતે જપ્ત કરેલા તેના ત્રણ ટેન્કરોની અદલાબદલી કરવાની માંગ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ : પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવની વચ્ચે ભારત સરકારે સ્પષ્ટતા કરી છે કે હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલા તમામ ૨૨ ભારતીય જહાજો સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ સાથે જ ભારતે તે અહેવાલોનું સખત શબ્દોમાં ખંડન કર્યું છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા ભારતીય ધ્વજ ધરાવતા અથવા ભારત આવતા જહાજોને સુરક્ષિત રસ્તો આપવાના બદલામાં, ભારતે જપ્ત કરેલા તેના ત્રણ ટેન્કરોની અદલાબદલી કરવાની માંગ કરી છે.અગાઉ રૉયટર્સના અહેવાલમાં સૂત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું હતું કે, ઓળખ છુપાવવા અને સમુદ્રમાં ગેરકાયદે હસ્તાંતરણના આરોપસર ભારતે ત્રણ ટેંકરો જપ્ત કર્યા હતા.જો કે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ અહેવાલોને સંપૂર્ણપણે પાયાવિહોણા ગણાવતા કહ્યું કે, આ પ્રકારની કોઈ પણ ચર્ચા થઈ નથી. તેમણે પ્રેસ બ્રીફિંગ દરમિયાન વધુમાં સ્પષ્ટ કર્યું કે જે ત્રણ જહાજોની વાત કરવામાં આવી રહી છે, તે ઈરાનની માલિકીના નથી અને તે ઈરાની જહાજો પણ નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ ચિંતા વ્યક્ત કરતા સ્વીકાર્યું હતું કે આપણા અનેક જહાજો હજુ પણ હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલા છે. સરકાર ઈરાન અને અન્ય સંબંધિત દેશો સાથે સતત સંપર્કમાં છે અને આ જહાજોને સુરક્ષિત રીતે સ્વદેશ પરત લાવવા માટે તમામ જરૂરી વાટાઘાટો કરવાની યોજના બનાવી રહી છે. ઉલ્લેખનીય છે કે, રિપોર્ટમાં ૧૫ ફેબ્રુઆરીએ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ એસ્ફાલ્ટ સ્ટાર નામનું જહાજ ઈંધણની તસ્કરીમાં સામેલ હતું, જે તેલ અન્ય જહાજો અલ જાફજીયા અને સ્ટેલર રૂબીમાં ટ્રાન્સફર કરવામાં આવી રહ્યું હતું.

## દેશમાં LPGની અછત ચિંતાજનક

### સરકારે ગ્રાહકોને LPGનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની સલાહ આપી અને રસોઈ માટે વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરવા જણાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ : કેન્દ્ર સરકારે કહ્યું હતું કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારતમાં ઉર્જા સંકટ ચિંતાનો વિષય છે. જોકે, સરકારે ગ્રાહકોને ખાતરી આપી છે કે લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG) ના પુરવઠા અંગે ગભરાવાની જરૂર નથી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ ગ્રાહકોને LPGનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની સલાહ આપી અને રસોઈ માટે વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરવાની પણ વાત કરી હતી. લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG) ની સંભવિત અછત અંગે વધતી ચિંતાઓ વચ્ચે કેન્દ્ર સરકારે સોમવારે ઈંધણનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની વિનંતી કરી અને પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિસ્તૃત કરવાના સંકેત આપ્યા હતા. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ (માર્કેટિંગ અને ઓઇલ રિફાઇનરી) સુજાતા શર્માએ જણાવ્યું હતું કે સ્થાનિક PNG અને CNG ગ્રાહકો હાલમાં સંપૂર્ણ પુરવઠો મેળવી રહ્યા છે જ્યારે કોમર્શિયલ LPGનું વેચાણ પણ આંશિક રીતે ફરીથી શરૂ કરવામાં આવ્યું છે. તેમની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે વૈશ્વિક પુરવઠા દબાણ અને વધતી માંગ વચ્ચે ખાસ કરીને કોમર્શિયલ યુઝર્સ માટે LPG ઉપલબ્ધતા અંગે ચિંતા વધી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે હોટલ, રેસ્ટોરન્ટ અને કેટરિંગ સેવાઓ જેવી કોમર્શિયલ સંસ્થાઓને પીએનજી પર શિફ્ટ કરવાથી ઘરો માટે LPG પુરવઠા પર દબાણ ઓછું કરવામાં મદદ મળી શકે છે. સરકાર શહેરી વિસ્તારોમાં પણ પીએનજીના વધુને વધુ ઉપયોગ માટે પ્રોત્સાહન આપી રહી છે. ગ્રાહકો ઈમેઈલ, ગ્રાહક પોર્ટલ, કોલ સેન્ટર સહિત બહુવિધ ચેનલો મારફતે અથવા સંબંધિત સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) કંપનીઓનો સંપર્ક કરીને PNG કનેક્શન માટે અરજી કરી શકે છે.

CGD કંપનીઓને સલાહ આપવામાં આવી છે કે તેઓ સંભવિત ગ્રાહકોનો સંપર્ક કરે અને અનેક કંપનીઓ આ ફેરફારને પ્રોત્સાહન આપવા માટે ઈન્ટેન્ટિવ આપી રહી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણને વેગ આપવાના પ્રયાસમાં કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને CGD પ્રોજેક્ટ્સ માટે ઝડપી મંજૂરીઓ માંગી છે. ૧૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ લખેલા પત્રમાં સરકારે રાજ્યોને બાકી પાઈપલાઈન અરજીઓ માટે ડીમ્ડ પરવાનગીઓ આપવા અને ૨૪ કલાકની અંદર નવા દરખાસ્તો માટે મંજૂરી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

## FCRA સંશોધન બિલ અને 'BHAVYA' યોજનાને મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ : પાટનગર દિલ્હીમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં સૌથી મુખ્ય ભારત ઔદ્યોગિક વિકાસ યોજના (BHAVYA) ને મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાની જાહેરાત અગાઉ બજેટમાં કરવામાં આવી હતી.

આ યોજના હેઠળ દેશમાં ૧૦૦ ઔદ્યોગિક ક્લસ્ટર બનાવવામાં આવશે, જે પ્લગ એન્ડ પ્લે મોડલ પર આધારિત હશે. એટલે કે, અહીં રોડ, વીજળી અને પાણી જેવી સુવિધાઓ પહેલેથી જ તૈયાર હશે. આ સાથે જ ૧૦૦ મોટા ઔદ્યોગિક શહેરોનો વિકાસ કરવામાં આવશે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ યોજના પાછળ ૩૩,૬૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ યોજનાનો મુખ્ય હેતુ ભારતને આત્મનિર્ભર બનાવવાનો છે. આ યોજના મેક ઈન ઈન્ડિયાનું જ એક મોટું રૂપ છે, જેનો ઉદ્દેશ્ય ભારતમાં બનેલી વસ્તુઓને દુનિયાભરના માર્કેટમાં વેચવાનો છે.

BHAVYA યોજનાનો મુખ્ય હેતુ શું? -ભારતમાં જ વધુમાં વધુ ચીજવસ્તુઓના ઉત્પાદન પર ભાર મૂકવો -નવા ઔદ્યોગિક વિસ્તારો તૈયાર કરવા -નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને આગળ વધવામાં મદદ કરવી -વધુ ઉત્પાદન દ્વારા યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી કરવી કેબિનેટે કપાસ સીઝન ૨૦૨૩-૨૪ દરમિયાન કપાસ માટે MSP કામગીરી પર થયેલા ૧૭૧૮ કરોડ રૂપિયાના ખર્ચની ભરપાઈ કરવાની મંજૂરી આપી છે.

આ પ્રોજેક્ટ્સ રાજ્ય સરકારો, સેન્ટ્રલ PSUs અને પ્રાઈવેટ ડેવલપર્સ સાથે મળીને વિકસાવવામાં આવશે. પ્રોજેક્ટ્સની પસંદગી ચેલેન્જ મોડમાં કરવામાં આવશે.

મૂલ્યાંકન માપદંડ -PM ગતિશક્તિ સિદ્ધાંતો -અંડરગ્રાઉન્ડ યુટિલિટી કોરિડોર -ગ્રીન એનર્જી -ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિફોર્મ્સ કેબિનેટે ઉત્તર પ્રદેશમાં બારાબંકીથી બહરાઈચ (૧૦૧.૫૧૫ કિમી) સુધીના ૪-લેન એક્સેસ-કંટ્રોલ્ડ નેશનલ હાઈવે-૯૨૭ના નિર્માણને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ હાઈબ્રિડ વાર્ષિક મોડ પર ૬૯૬૯.૦૪ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે.

## પીઆઈબી દ્વારા ડિજિટલ સમાવેશ વિષય પર 'વાર્તા' કાર્યક્રમ અમદાવાદમાં યોજાયો






**દમણગંગા ટાઈમ્સ**
**વાપી, તા. ૧૮ :** પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો અમદાવાદ દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોશીયેશન ખાતે આજે અમદાવાદના પત્રકાર મિત્રો માટે ડિજિટલ સમાવેશ વિષય પર વાર્તા મિડીયા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડિજિટલ યુગમાં વધતા પડકારો, સાયબર સુરક્ષા અને ટેકનોલોજીની માહિતી મિડીયા દ્વારા સર્વસામાન્ય લોકો સુધી પહોંચે તેવા ઉદેશ્ય સાથે ડિજિટલ સમાવેશ વિષય પર વાર્તા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાર્તા કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. તેમજ પ્રશાંત પાઠરાબે, ડીજી, પીઆઈબીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ડિજિટલ સમાવેશ પર વાર્તા કાર્યક્રમની આવશ્યકતા પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે, આજના સમયમાં ડિજિટલ ઉપસ્થિતિ અનિવાર્ય બની ગઈ છે, પરંતુ તેની સાથે અનેક પડકારો પણ જોડાયેલા છે. બાળકો થી લઈને વયસ્કો સુધી ડિજિટલ સાક્ષરતા સાથે જાગૃતિ લાવવી પણ એટલી જ જરૂરી છે. આવા સમયમાં આ પ્રકારના કાર્યક્રમોની મહત્વતા અનેકગણી વધી જાય છે. તેમજ તેમણે માહિતી અને પ્રસારણ મંત્રાલય અને પીઆઈબીની કામગીરી સાથે વાર્તા અને વાર્તાલાપ જેવા આઉટરીચ કાર્યક્રમો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ કાર્યક્રમ દરમિયાન વિષય નિષ્ણાતો દ્વારા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે શ્રીમતી સુમન મછાર, સહાયક નિદેશક, પીઆઈબી દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક તેમજ સોશિયલ મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

### ઈઝરાયલના ભારત સ્થિત રાજદૂતનું નિવેદન

## ઈરાન સામેનું યુદ્ધ ક્યારે પૂરું થશે તેનો ચોક્કસ સમય ના આપી શકાય

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ : ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા અને ઈરાનનું યુદ્ધનો ક્યારે અંત આવશે તેની દુનિયાભરના દેશ રાહ જોઈ રહ્યા છે. અનેક દેશોમાં ક્રૂડ ઓઈલનો પુરવઠો વત્તે-ઓછે અંશે ખોરવાઈ જવાની ભીતિ સર્જાઈ રહી છે. ત્યારે ૧૮ માર્ચના રોજ ભારત સ્થિત ઈઝરાયલના રાજદૂત રુવેન અઝારે જણાવ્યું છે કે 'ઈરાન સામે ચાલી રહેલા યુદ્ધના અંત માટે હાલમાં કોઈ સમયમર્યાદા આપવી અશક્ય છે.' એક અનૌપચારિક મીડિયા બ્રીફિંગમાં તેમણે ચેતવણી આપી હતી કે 'જ્યાં સુધી ઈરાનમાં આ ક્રૂર શાસકો સત્તામાં છે, ત્યાં સુધી મધ્ય પૂર્વમાં અનિશ્ચિતતા યથાવત્ રહેશે. ઈરાની શાસનની સૈન્ય, પરમાણુ અને મિસાઈલ ક્ષમતાને નષ્ટ કરવી તે મધ્ય પૂર્વ અને ભારત બંનેના હિતમાં છે.'આ વિશે વધુ વિગત આપતા રાજદૂત અઝારે કહ્યું કે, 'ઈરાન સામેની વર્તમાન સૈન્ય કાર્યવાહી હેઠળ અમે ઈરાની શાસનની સૈન્ય અને નેતૃત્વ, એ બંને ક્ષમતાને નબળી પાડી દીધી છે. જો કે, અપેક્ષા મુજબ, ઈરાન પોતાની શક્તિ બમણી કરી રહ્યું છે અને વળતો પ્રહાર કરી રહ્યું છે. યુદ્ધના અંત માટે ચોક્કસ સમય આપવો શક્ય નથી, પરંતુ ઈઝરાયલ અને અમેરિકા તેમના નિર્ધારિત લક્ષ્યો હાંસલ કરશે તે વાતમાં કોઈ જ શંકાને સ્થાન નથી.'આખરે ઈરાન પર હુમલો કેમ કર્યો. તે પ્રકારના પ્રશ્નનો જવાબ આપતા રાજદૂત અઝારે દાવો કર્યો હતો કે, 'ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો કારણ કે, ઈઝરાયલને 'વિશ્વસનીય ગુપ્ત માહિતી' મળી હતી કે ઈરાની શાસન તેના પરમાણુ અને મિસાઈલ હથિયારો ફરીથી બનાવી રહ્યું છે. ગયા જૂનમાં સફળ હુમલા બાદ ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અને મિસાઈલ ક્ષમતા નોંધપાત્ર રીતે ઘટી ગઈ હતી. જો કે, અમને જાણવા મળ્યું કે ઈરાન નવા પરમાણુ વિસ્ફોટકો મેળવવાની અણી પર હતું.'

## ભારત વિરુદ્ધ અમેરિકા-યુક્રેનનું ખતરનાક પ્રોક્સી વોર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ :દેશની રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ એક અમેરિકી અને ૬ યુક્રેની નાગરિકોની ધરપકડ કરી છે. એમની પાસે સૌથી એડવાન્સ યુરોપિયન ડ્રોનનો જથ્થો મળ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર આ લોકો ભારત સામે મોટા હુમલાની તૈયારી કરી રહ્યાં હતા. તેઓ મિઝોરમના રસ્તે મ્યાનમારના આતંકવાદીઓને ટ્રેનિંગ આપવા માટે આવ્યા હતા. જેથી પૂર્વોત્તરના રાજયો અને મ્યાનમારને અશાંત કરી શકાય. રક્ષા એકસપર્ટ બ્રહ્મા ચેલાની ભારત સામે આને પ્રોક્સીવોર ગણાવી રહ્યાં છે.

હિન્દુસ્તાન ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર ૧૩ માર્ચના રોજ આ ધરપકડો મામલે યુક્રેને ભારત સમક્ષ વિરોધ દેખાડ્યો છે.

આ ૬ યુક્રેની દિલ્હી અને લખનઉંથી પકડાયા છે. જ્યારે અમેરિકી નાગરિક મૈથ્યુ એરોન વાન ડાઈકને કોલકત્તા એરપોર્ટ પરથી પકડી લેવાયો હતો. સોમવારે દિલ્હીની એક કોર્ટે આ ૭ લોકોને ૨૭ માર્ચ સુધી NIAની કસ્ટડીમાં મોકલી દીધા છે. બ્રહ્મા ચેલાની આ બાબતને યુક્રેન અને અમેરિકાની પૂર્વોત્તર રાજયમાં પ્રોક્સીવોર સાથે સંકળાવી રહ્યાં છે. એનઆઈએએ કોર્ટને જણાવ્યું છે કે તે ૮ અન્ય યુક્રેનીની શોધખોળ કરી રહી છે. આ ૭ યૂક્રેની અને એક અમેરિકી મળી ૧૫ જણા ટુરિસ્ટ વિઝા પર ગેરકાનૂની રીતે ભારત આવ્યા હતા. તપાસ એજન્સીએ જણાવ્યું છે કે આ લોકો મ્યાનમારમાં ભારત વિરોધી આતંકી ગ્રૂપોને ટ્રેનિંગ આપવા માટે આવ્યા હતા. આ આરોપીઓ ડ્રોન ચલાવવાના માસ્ટર છે. રિપોર્ટ અનુસાર આ તમામ આરોપીઓ ડ્રોન વોરફેર, ડ્રોન ઓપરેશન અને ડ્રોન એસેમ્બલિંગ અને ટેકનોલોજી જામ કરવાની ટેકનીકો શીખીને આવ્યા હતા. એમનો મુખ્ય ઉદ્રેશ્ય એ મ્યાનમારમાં ભારત વિરોધી આતંકવાદી જૂથોને ટ્રેનિંગ આપવાનો હતો.

## ઈરાનને સૌથી મોટો ઝટકો, અલી લારીજાનીના મૃત્યુની પુષ્ટી

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેલ અવીવ, તા.૧૮
ઈરાની મીડિયાએ લાંબી ચુપકીદી બાદ આખરે સ્વીકાર્યું છે કે ઈઝરાયલના હવાઈ હુમલામાં અલી લારીજાની માર્યા ગયા છે. ઈઝરાયલે આ હુમલાને પોતાની સૌથી મોટી સૈન્ય સફળતા ગણાવી છે. આ હુમલામાં બસીજ કમાન્ડર ગોલામરેજા સોલેમાનીના પણ મોતના અહેવાલ છે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ જંગ વચ્ચે ઈરાનને અત્યાર સુધીનો સૌથી મોટો ઝટકો લાગ્યો છે. ઈઝરાયલ દ્વારા તેહરાન પર કરવામાં આવેલા હવાઈ હુમલામાં ઈરાની સુરક્ષા વ્યવસ્થાના મુખ્ય ચહેરા અને સુપ્રીમ લીડરના નજીકના સલાહકાર અલી લારીજાની માર્યા ગયા હોવાની પુષ્ટિ થઈ છે. આ સાથે જ બસીજ કમાન્ડર ગોલામરેજા સોલેમાનીના ખાતમાએ ઈરાની સૈન્ય માળખાને હચમચાવી દીધું છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, "ઈરાનના ટોચના નેતૃત્વને ખતમ કરી દેવામાં આવ્યું છે." ટ્રમ્પે દાવો કર્યો હતો કે એક એવો મોટો અધિકારી માર્યો ગયો છે જે છેલ્લા બે અઠવાડિયામાં હજારો લોકોના મોત માટે જવાબદાર હતો. ટ્રમ્પ સતત ઈરાન પર હુમલા તેજ કરવાની વાત કરી રહ્યા છે અને નાટો સહયોગીઓ પાસે પણ મદદ માંગી રહ્યા છે, જોકે તેમને ખાસ સમર્થન મળ્યું નથી.અલી લારીજાની ઈરાનની રાજનીતિ અને સુરક્ષા વ્યવસ્થાના અત્યંત મહત્ત્વના હિસ્સા હતા. તેઓ સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પૂર્વ પ્રમુખ, સંસદના પૂર્વ સ્પીકર અને સુપ્રીમ લીડરના ખાસ સલાહકાર રહી ચૂક્યા હતા.

## ઈરાન પર અમેરિકાએ 'મહાબોમ્બ' ઝીંક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
વૉશિંગ્ટન, તા.૧૮
મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધ વધુ ભયાનક બન્યું છે. અમેરિકાએ ઈરાનના દરિયાકાંઠાના મિસાઈલ ઠેકાણાઓ પર ૫૦૦૦ પાઉન્ડના બોમ્બ વર્ષાવીને તેમને તબાહ કરી દીધા છે. બીજી તરફ, સાથી દેશોના અસહકારથી નારાજ ડોનાલ્ડ ટ્રમ્પે નાટોમાંથી બહાર નીકળવાની પણ ચીમકી આપી છે.અમેરિકન સેનાએ હોર્મુઝની ખાડી નજીક ઈરાની તટરેખા પર આવેલા મજબૂત મિસાઈલ બેઝ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ ઓપરેશનમાં ૫૦૦૦ પાઉન્ડ (આશરે ૨૨૬૭ કિલોગ્રામ) ના અત્યંત શક્તિશાળી બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે ઊંડે સુધી જઈને તબાહી મચાવવાની ક્ષમતા ધરાવે છે. આ ઠેકાણાઓ પર રહેલી એન્ટિ-શિપ ક્રૂઝ મિસાઈલો આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માટે મોટું જોખમ હતી, જેને અમેરિકાએ સફળતાપૂર્વક ખતમ કરી દીધી છે.હોર્મુઝ જળડમરુમધ્યને સુરક્ષિત રાખવા માટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નાટો અને અન્ય સાથી દેશો પાસે મદદ માંગી હતી, પરંતુ તમામ મુખ્ય દેશોએ આ યુદ્ધમાં જોડાવાનો ઈનકાર કરી દીધો છે.

ટ્રમ્પે આ અંગે ભારે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, તેઓ દુનિયાની ભલાઈ માટે આ યુદ્ધ લડી રહ્યા છે, પરંતુ કોઈ દેશ તેમને સાથ આપવા તૈયાર નથી. તેમણે સાથી દેશો પર 'અહેસાન ફરામોશ' હોવાનો આરોપ લગાવતા કહ્યું કે, યુક્રેન યુદ્ધમાં આ દેશોએ અમેરિકા પાસેથી અબજો ડોલરની મદદ લીધી હતી, પણ આજે જ્યારે અમેરિકા અને ઈઝરાયલને જરૂર છે ત્યારે તેઓ પાછળ હટી રહ્યા છે.

## સમરોલીમાં જમીન પ્રકરણ બબાલમાં એકને સાત વર્ષની સજા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૮ :** ચીખલી તાલુકાના સમરોલી ગામે ૮ વર્ષ અગાઉ જમીન અને ઘરના મામલે બે ભાઈઓ વચ્ચે થયેલ મારામારીનો કેસ ચીખલી કોર્ટમાં ચાલી જતાં ચીખલી કોર્ટે એક ભાઈને સાત વર્ષની સજા ફરમાવતો હુકમ કર્યો છે અને રૂપિયા ૫૦ હજાર દંડ જો દંડ ન ભરે તો વધુ સજા ફરમાવતો હુકમ ફરમાવ્યો છે.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના સમરોલી ઘોડ ફળિયા ખાતે રહેતા જીતેન્દ્ર બાલુ કોળી પટેલ અને રણજીત બાલુ કોળી પટેલ વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી જમીન અને ઘરના મામલે લડાઈ ઝઘડો ચાલતો હોય ત્યારે જીતેન્દ્ર બાલુ પટેલે તા.૨-૧૦-૧૮ના રોજ સાંજના સમયે ગામના આગેવાનો સાથે મીટીંગ રાખી હતી. જેમાં પોતાની બહેનને પણ હાજર રહેવા જણાવ્યું હતું અને જમીન અને ઘરના મામલે વાત વણસી જતાં જીતેન્દ્ર બાલુ પટેલ તેના ઘરમાં જઈ ઝાટકો પોતે સંતાડી લાવી ગામના આગેવાનોની હાજરીમાં જ પોતાનો ભાઈ રણજીત બાલુ પટેલને ગરદનના ભાગે ઝાટકા વડે જીવલેણ પહેલો ઘા ઝીકી દઈ અને તરત જ બીજો ઘા મોઢાના ભાગે મારેલ જેથી રણજીત પટેલ લોહી લુહાણ બની ગયો હતો અને ગામના આગેવાનો દોડી આવી રણજીત પટેલને બચાવી લીધો હતો. જોકે જીતેન્દ્ર બાલુ પટેલ બનાવની પરિસ્થિતિ પારખી જતાં ત્યાંથી ભાગી છુટયો હતો. જે બનાવ અંગેની ફરિયાદ તા. ૨-૧૦-૧૮ના રોજ ચીખલી પોલીસ મથકે નોંધાઈ હતી. જેનો કેસ ચીખલી કોર્ટમાં ચાલી જતા ચીખલી કોર્ટના સરકારી વકીલ એસ.એન. પટેલની ધારદાર રજૂઆતોને ધ્યાનમાં રાખી ચીખલી કોર્ટના વિધવાન જજ શ્રી એસ.પી. દવેએ રજૂઆતોને ધ્યાનમાં રાખી તથા બનાવની ગંભીરતા જોઈ આરોપી જીતેન્દ્ર બાલુ કોળી પટેલ ઉ.વ. ૪૫ ને સાત વર્ષની સજાનો હુકમ તથા રૂપિયા ૫૦ હજારનો દંડ ફટકાર્યો છે. જો દંડ ન ભરે તો વધુ સજા ફરમાવતો હુકમ કરવામાં આવ્યો છે.

## બીલીમોરાના ધોલાઈમાં કાર, મોપેડ વચ્ચે અકસ્માતમાં એકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૮ :** બીલીમોરા નજીકના ધોલાઈ ગામની હદમાં મંગળવારે બપોરે ૨:૪૦નાં અરસામાં એક અરેરાટીભર્યો અકસ્માત સર્જાયો હતો. ધોલાઈ ગામના નેહરૂ સ્ટ્રીટ ફળીયામાં રહેતા ચિરાગભાઈ નારણભાઈ ટંડેલ (૩૫) પોતાની એક્સેસ મોપેડ (નંબર GJ-21-BM-4643) પર બીલીમોરાથી ઘરે પરત ફરી રહ્યા હતાં. તે દરમિયાન ધોલાઈ ગામની હદમાં DGVCL કંપનીના જેટકો સબ સેન્ટર સામેથી પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી ઈકો કાર (નંબર GJ-21-CE-3697) ના ચાલક હાર્દિકકુમાર ભરતભાઈ ટંડેલ (રહે. બાવરી ફળીયા, મેંધરગામ તા.ગણદેવી) એ ચિરાગભાઈની મોપેડને ધડાકાભેર ટક્કર મારી હતી. આ સામસામે થયેલા અકસ્માતમાં ચિરાગભાઈને માથાના પાછળના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તને તાત્કાલિક બીલીમોરાની મેંગુશી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ ચિરાગ ટંડેલને મૃત જાહેર કર્યો હતો. મૃતક ચિરાગભાઈ માછીમારીનો વ્યવસાય કરતા હતાં અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના અકાળે અવસાનથી પત્ની સહિત બે માસૂમ બાળકો પિતાની છત્રછાયા વિહોણા બન્યા છે. આ બનાવ અંગે મૃતકના પરિજનોએ ધોલાઈ મરીન પોલીસ સ્ટેશનમાં ઈકો કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અતુલની સોસાયટીમાં રૂા. ૧૦.૮૦ લાખની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** અતુલ હસ્કેટ વિસ્તારમાં આવેલ અમીશા સોસાયટીમાં ગઈકાલે રાત્રે કોન્ટ્રાક્ટરના બંગલામાં ચોટાઓએ નિશાન બનાવી રોકડા સોના ચાંદી દાગીના હીરા પ્લેટિનિયમ વિદેશી કરન્સી મળી કુલ ૧૦.૧૯ લાખની ચોરી થવાની ઘટના બનતા વલસાડ રૂરલ પોલીસ દોડતી થઈ ગઈ છે. સોસાયટીના બંગલામાં ચોરી થવાની ઘટનાને પગલે સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

વલસાડ રૂરલ પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ કરતી હોવા તેમ છતાં ચોરીનો બનાવ બનતા પોલીસની નાઈટ પેટ્રોલિંગ પર સવાલ ઉઠ્યા છે. ત્યારે અતુલ ફર્સ્ટ ગેટ વિસ્તારમાં અમીશા સોસાયટી બંગલા નંબર ૧માં કોન્ટ્રાક્ટર હિતેન્દ્ર નરોત્તમદાસ શાહ તેમની પત્ની ગઈ તા.૧/૩/૨૦૨૬ ના રોજ અમદાવાદ સારવાર માટે ગયા હતાં. જે બાદ તેઓ બે માર્ચના રોજ તેમના ઘરે રહેતી કામવાળી રજા પર ગઈ હોય તે દરમિયાન કોઈ ચોર ઈસમોએ બંગલા નંબર એકના બેડરૂમની બારીની લોખંડની ગ્રીલ કાઢી ઘરમાં પ્રવેશ કરી બેડરૂમ તથા ઓફિસના કબાટ પેટી પલંગ તોડી તેની અંદર મુકેલા રોકડા ૨.૫૦ લાખ વિદેશી કરણસિંહ હાઈપાસ ૪૦,૦૦૦ જેની ભારતીય કિંમત આશરે ૧.૧૪ લાખ, સોનાનું મંગળસૂત્ર સોનાની બંગડીઓ સોનાની ચેન સોનાની વીંટી, મળી ૩૧ તોલા સોનાના દાગીના હીરા જડિત પેન્ડન્ટ સેટ, ચાંદીના દાગીના, પ્લેટિનિયમ શેઠ અને મોતીનો હાર મળી કુલ ૧૦,૭૯,૯૬૭ રૂપિયાની મકાનની ચોરી થવાની ઘટના બનતા હિતેન્દ્રભાઈ શાહે વલસાડ રૂરલ પોલીસ સોરી અંગેની ફરિયાદ નોંધાવી છે. જોકે બંગલામાં ચોરી થવાની ઘટના બનતા સોસાયટીના રહેશોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## વાપી જીઆઈડીસીથી દારૂ ભરેલ ટેમ્પા સાથે બે ઝડપાયા

**વાપી, તા. ૧૮ :** વાપી ઉદ્યોગનગર પોલીસ મથકના પીઆઈ અમીરાજસિંહ રાણા અને તેમની ટીમ ગઈકાલે રાત્રે વાપી જીઆઈડીસી ચાર રસ્તા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતાં. તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે એક ટેમ્પોમાં ગેરકાયદે દારૂનો જથ્થો ભરીને વાપી જીઆઈડીસી ચાર રસ્તાથી વલસાડ સુરત તરફ જઈ રહ્યો છે. આથી પોલીસે નાકાબંધી કરી જીઆઈડીસી ચાર રસ્તા પાસે ટેમ્પો નંબર ડીડી ૦૩ પી ૯૬૮૯ને રોકી તેમાં તપાસ કરતા ૧૧૫૨ દારૂ બિયરની બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂપિયા ૩,૬૨,૪૦૦ અને ચાલક અમજદ જોબન ખાન રહે વાપી મૂળ રહે ઉત્તર પ્રદેશ અને ક્લિનર ક્રિશકુમાર રહે. નાની દમણનાની અટકાયત કરી પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો દમણથી અક્ષય નામના ઈસમે ભરાવ્યો હતો.

## વલસાડ, ધરમપુર ચોકડીથી દારૂ ઝડપાયો

**વલસાડ, તા, ૧૮ :** વલસાડ સિટી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન બાતમી મળતા પોલીસની ટીમ વલસાડના નેશનલ હાઈવે નંબર ૪૮ પર વલસાડ ધરમપુર ચોકડી ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી ઉભા રહેતા બાતમીવાળી કાર નંબર GJ 15 CP 3572 કારમાં બનાવેલા ચોર ખાનામાં તપાસ કરતા દારૂની બાટલી નંગ ૨૩૫ કિંમત રૂા. ૮૪,૧૨૫ તથા કારની કિંમત ૫ લાખ મળી કુલ ૫,૮૩,૧૨૫ રૂપિયાના મુદ્દા માલ સાથે આરોપી ભરતભાઈ અમીરભાઈ ડાભી રહે. વરાછા સુરતની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીની પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો સુરતમાં રહેતા પ્રવીણભાઈ પટેલ નામના વ્યક્તિએ ભરી આપ્યો હતો.

### NOTICE INVITING TENDER

Name of work :- "Repairing and Patch work at various Roads in North Zone Silvassa. (8th Call)."

| | |
|---|---|
| Tender Notice No. | 27 of 2025-26 |
| On line downloading start of tender documents | 17.03.2026 18.55 Hrs |
| Pre Bid Meeting | : --- |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 25.03.2026 12.00 Hrs |
| Online Opening of Technical Bid | 25.03.2026 15.30 Hrs |
| On line opening of Price Bid | 25.03.2026 16.00 Hrs. (if possible) |
| Tender ID No. | 2026_UTDNH_7957_1 |
| Outward No. | :3-2(18)/PWD.II/Road/159 dt:17.03.2026 |

For details please scan
dnhtenders.gov.in
ee-road-dnh.nic.in
0260 2642041

NO.: IP/DMN/2/5/2025-26/1240 DATED : 18/03/2026

### PUBLIC NOTICE

Notice is hereby given that my client negotiating with M/ S K K PACKAGING has acquired IND. Plot No. 1001/6, III Phase, VAPI Notified Area, GIDC, situated at: Village: Chhiri, Taluka Vapi, District Valsad, Guj. and is Now going to create charge on the Property.

They have acquired the property from MRS PUSHPA MISTRY.

All persons having or claiming any interest against under mentioned property or part thereof by way of sale, gift, lease, lien, trust possession, inheritance, easement, attachment, or otherwise whatsoever in nature are hereby requested to make the same known in writing to the undersigned within 7 days from the date thereon, as otherwise negotiation will be concluded and the sale/ transfer transactions will be completed without reference to such claim and the same if any will be considered as waived.

If any person has any objection, claim, or interest regarding the above-mentioned property, they are requested to contact us by (07 Day) at the following contact number:

Date : 18-03-2026

**Address:**
**Office No.105-106, Meera Complex,**
**Near Gunjan Cinema, GIDC,**
**Vapi-396195. Valsad**
**Mo.No. 9825119620**
**Off. No.8469617920**

**Sd/-**
**VITTHAL D. CHAVDA**
**(ADVOCATE)**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૫૪૫/૨૦૨૬

**અરજદાર : નટવરભાઈ મોતીભાઈ પટેલ,**
રહે. પટેલ ફળિયા, કલવાડા, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કલવાડા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નટવરભાઈ મોતીભાઈ પટેલ,** રહે.પટેલ ફળિયા, કલવાડા, તા.જી.વલસાડએ તેમના ભાણેજ **કિરણબેન કનુભાઈ પટેલનો** જન્મ તા.૧૩-૦૬-૧૯૭૧ના રોજ મોજે. કલવાડા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૫૪૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૬/૨૦૨૬**

**અરજદાર : રામુભાઈ ભગુભાઈ પટેલ**
મોટાપોંઢા, મોટા ફળિયું, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ભગુભાઈ રવિયાભાઈ પટેલનું** મરણ તા.૧૧/૧૨/૧૯૯૭ના રોજ મોજે મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત મોટાપોંઢાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત મોટાપોંઢાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી મોટાપોંઢા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૯૯/૨૦૨૬

**અરજદાર : કનુબેન દોલતભાઈ પટેલ**
**વલસાડ**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, સંજાણ**
**ગ્રામ પંચાયત કચેરી, સંજાણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કનુબેન દોલતભાઈ પટેલ** રહે. વલસાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભત્રીજા **અશ્વિનકુમાર ધીરૂભાઈ પટેલનું** જન્મ/મરણ તા.૦૭-૧૦-૧૯૬૧ના રોજ મોજે - સંજાણ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૯૯/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૭૭/૨૦૨૬

**અરજદાર : મગનભાઈ રણછોડભાઈ માછી**
**નારગોલ બંદર, માછીવાડ**
**તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. શિવાંગી બી. સાગર)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, નારગોલ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મગનભાઈ રણછોડભાઈ માછી** રહે. નારગોલ બંદર માછીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભાણેજ **શર્મિલાબેન મોહનભાઈ માછીનું** જન્મ/મરણ તા.૧૩-૦૬-૧૯૭૭ના રોજ મોજે - નારગોલ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૭૭/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૨૯/૨૦૨૬**

**અરજદાર : મંગળીબેન સોમાભાઈ રાઉત**
પ્રા. શાળા પાસે, નિકુળ ફળિયું, ઓઝર, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કોઠાર, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **સોમીબેન જીવલાભાઈ ગાંવિતનું** મરણ તા.૦૧/૦૫/૧૯૯૭ના રોજ મોજે કોઠાર, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કોઠારના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કોઠારને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કોઠાર ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૭૭/૨૦૨૬

**અરજદાર : ઈલેવનભાઈ ખુશાલભાઈ માછી**
**નારગોલ બંદર, માછીવાડ**
**તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. શિવાંગી બી. સાગર)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, નારગોલ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઈલેવનભાઈ ખુશાલભાઈ માછી** રહે. નારગોલ બંદર માછીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભત્રીજા **હર્ષદભાઈ ડાહ્યાભાઈ ટંડેલનું** જન્મ/મરણ તા.૦૧-૦૬-૧૯૭૩ના રોજ મોજે - નારગોલ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૭૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

### PUBLIC NOTICE

**IN THE HON'BLE COMMERCIAL COURT VIZ PRINCIPAL SENIOR CIVIL JUDGE COURT AT VAPI, DISTRICT VALSAD**

At: Vapi
Commercial Case No.: 70/2025
In the matter of: Suit for Recovery Rs. 4,88,780/-
PLAINTIFF:
M/s. VISHWAKARMA INDUSTRIES through its Authorize Proprietor Mr. Rajesh Kumar Shukla, GST No. 24AVYPS0233Q1ZS, Aged – Adult, Occ. Business, Address – Plot No. J/759/2, 40 Shed, Area, GIDC Vapi, Dist. Valsad - 396155.

V/S

**DEFENDANT:**
1. M/S. TAJ PHARMA INDIA LIMITED,
2. MRS. PRIYANKA A SINGH (DIRECTOR),
3. MR. SHANTANU KUMAR SINGH (DIRECTOR),
4. SMT. S.R. SINGH (DIRECTOR),
5. MR. ABHISHEK RANVIR SINGH (DIRECTOR),

GST No. 24AADCT8895L1ZK,
Address- Plot No. 1019 GIDC, Sarigam, Bhilad – Nargol Road, Sarigam Village Sarigam INA, Umbergaon, Valsad, Gujarat -396155. "Corporate Office: Reg.Off. 903-905, 9th Floor, The Avenue Bldg, International Airpot Road, Andheri East, Mumbai – 400059, INDIA

Whereas, the aforesaid suit is pending before this Hon'ble Court in Vapi and it is on record that the Defendants have been duly served with the summons and have also received copies of the plaint and relevant documents.

And whereas, despite due service of summons and having knowledge of the proceedings, the Defendants have failed and neglected to appear before this Hon'ble Court on the dates fixed for hearing.

Hence, this final notice is hereby given to the Defendants to appear before this Hon'ble Court either in person or through an advocate on 13/04/2026 at 11:00 A.M., failing which the suit shall be proceeded with and decided ex parte at the risk as to costs and consequences of the Defendants.

This notice is published as per the directions of the Hon'ble Court.

**Date: 18/ 03/2026**
**Place: Vapi**
**Sd/-**
(Advocate for Plaintiff)
Name: Shweta D. Naik
Enrollment No. G/4901/2021
Address: 101, Siver Point, Char Rasta, GIDC, Vapi-396195
Contact: 7984935837















દમણગંગા ટાઈમ્સ

ડીસ્કલેમર/ સ્પષ્ટતા

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

Thursday 19, March 2026

# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

## ખેરગામમાં શાંતિ સમિતિની બેઠક મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૧૮ :** રમજાન ઈદ અને ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ થનાર હોવાથી ખેરગામ પોલીસ સ્ટેશન દ્વારા મામલતદાર સભાખંડમાં શાંતિ સમિતિની બેઠક બુધવારે બપોરે ૩:૦૦ વાગ્યે યોજાઈ અને ૨૦ મિનિટમાં શાંતિપૂર્ણ સંપન્ન થઈ હતી. સૌથી વધુ મુસ્લિમ બિરાદરો ની સંખ્યા હતી. વ્હોરાજી એકમાત્ર હતા કે જેઓની ઈદ ગુરુવારે છે. નવનિયુક્ત મામલતદાર વિજય પટેલની અધ્યક્ષતામાં મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર પિનલ ચૌધરી, ખેરગામના સરપંચ ઝરણાબેન તથા અન્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં પૂ. હરિદાસજી મહારાજના હસ્તે ઉદ્ઘાટન કરાશે

# વલસાડમાં રવિવારે રૂા. ૩૫ કરોડના ખર્ચે નિર્મિત કચ્છી ભાનુશાલી સમાજવાડીનું ઉદ્ઘાટન અને લોકાર્પણ







### ધરમપુરના આધુનિક શુકદેવ પ.પૂ. શરદભાઈ વ્યાસનો શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ, ભવ્ય સંતવાણી લોક ડાયરો, ભવ્ય ઓધવ રાસ અને મહાપ્રસાદ સહિતના અનેક કાર્યક્રમો યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ-વાપી વિસ્તારમાં મોટી સંખ્યામાં કચ્છી ભાનુશાલી સમાજના ભાઈઓ વસતા હોવાથી વલસાડમાં ધરમપુર ચોકડી પાસે વલસાડ ભાનુશાલી મહાજન દ્વારા રૂા. ૩૫ કરોડના ખર્ચે અદ્યતન સમાજવાડીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સમાજવાડીના ઉદ્ઘાટન અને લોકાર્પણના કાર્યક્રમોનો આજથી પ્રેરણાસ્રોત પ.પૂ. સંત શ્રી હરિદાસજી મહારાજની નિશ્રામાં અને આર્શીવચનો સાથે ધરમપુરના ભાગવતાચાર્ય પ.પૂ. શરદભાઈ વ્યાસની સમુહ શ્રીમદ ભાગવત્ કથા જ્ઞાન યજ્ઞ (૩૦૬ પોથીઓ)ની શરુઆત સાથે પ્રારંભ થઈ રહ્યો છે. આ કથા વૈકુંઠધામ ધરમપુર ચોકડી ખાતે આગામી તા. ૨૫મી માર્ચ સુધી યોજાયેલી છે. દીપકભાઈ પંડ્યાના આચાર્યપદે તા. ૧૯ માર્ચના સવારે ૧૧ કલાકે વાલરામ ચાલીસાથી કાર્યક્રમનો આરંભ થશે અને બપોરે ૧ કલાકે પોથીયાત્રા ધરમપુર ચોકડીથી વૈકુંઠધામ (કથા સ્થળ)એ વિરામ બાદ બપોરે ૨.૩૦ વાગ્યે દીપ પ્રાગટ્ય પૂ. હરિદાસજી મહારાજ તથા મહાનુભાવોના હસ્તે કરાશે. ૩ કલાકે કથાનો પ્રારંભ, સાંજે ૬ વાગ્યે કથાવિરામ બાદ સંધ્યાપાઠ કચ્છી આશ્રમ હરિદ્વારના વિદ્યાર્થીઓ દ્વારા તથા સંત હરિદાસજી મહારાજના આશીર્વચન ૭.૩૦ થી ૧૦ : ૦૦ સુધી, ગોવિંદભાઈ તથા વસંતભાઈ દ્વારા ભજન-સત્સંગ, તા. ૨૧મી માર્ચને શનિવારે અને તા. ૨૩ માર્ચના રોજ સાંજે ૭ : ૩૦ થી ૧૧ કલાક દરમ્યાન ઉમેશ બારોટ, પુનમ ગઢવી અને જીતુ ભાનુશાલી સંગાથે ભવ્ય ઓધવ મહારાસનું આયોજન કરાયું છે. જયારે 'ઓધવ ભુવન' નામકરણ પામેલ સમાજવાડીનું તા. ૨૨મી માર્ચને રવિવારે પ.પૂ. ભગવાન શ્રી વાલરામજીના પાદુકા પૂજન અને મહાયજ્ઞ સાથે શરુ થનારા કાર્યક્રમમાં બપોરે ૧૨ : ૩૯ કલાકે પ.પૂ. સંતશ્રી હરિદાસજી મહારાજ તેમજ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સમાજવાડીનું ભવ્ય લોકાર્પણ કરાશે. આ પ્રસંગે રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા નાણામંત્રી કનુભાઈ દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે વાડીના મુખ્ય દાતા દિપેશભાઈ ગજરા રહ્યા છે. રાત્રે ગુજરાતના નામાંકિત કલાકારો કિર્તિદાન ગઢવી, રાજભા ગઢવી, રાજદાન ગઢવી વગેરે દ્વારા ભવ્ય સંતવાણી કાર્યક્રમ યોજાશે. તા. ૨૨ના સવારે ૯ કલાકે ભગવાન વાલરામજી પાદુકાપૂજન બાદ ૨૨મીએ રાત્રે ૯.૩૦ વાગ્યે કીર્તિદાન ગઢવી, રાજભા ગઢવી, રાજદાન ગઢવી, જીતુ ભાનુશાલી, બિરજુ બારોટ, ગોપાલ સાધુ, નીલેશ ગઢવીની સંતવાણી, તા. ૨૪ના ૩ કલાકથી કથા, સંધ્યાપાઠ, અને રામમંદિર ફેઈમ સાધો બેન્ડના સથવારે સાંજે ૭.૩૦થી ૧૦ ભજન સંધ્યા યોજાશે જયારે તા. ૨૫ના સવારે ૯ વાગ્યે કથાને વિરામ અપાશે. આ સમાજવાડીના ભવ્ય લોકાર્પણ અને શ્રીમદ ભાગવદ્ કથાના જ્ઞાનયજ્ઞના આ આયોજનમાં વાપી, દમણ, સેલવાસ, સરીગામ, સુરત, ચીખલી, બીલીમોરા, અંકલેશ્વર, નવસારીના શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ ઉપરાંત શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ, શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ, શ્રી કચ્છી રઘુવંશી સમાજ, શ્રી કચ્છી રાજગોર સમાજ, શ્રી કચ્છી ગઢવી સમાજ, શ્રી વાગડ વિશા ઓશ્વાસ જૈન સમાજ, શ્રી કચ્છી રાજપુત સમાજ, શ્રી કચ્છી પ્રજાપતિ સમાજ, શ્રી કચ્છી ગૌસેવા સમાજ, શ્રી સમસ્ત કચ્છી સમાજ, વલસાડનો સહયોગ સાથે મુંબઈના શ્રી કચ્છી ભાનુશાલી સેવાસમાજ ટ્રસ્ટ અને શ્રી કચ્છી ભાનુશાલી દેશ મહાજન ટ્રસ્ટ કચ્છ, શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ અન્નક્ષેત્ર ટ્રસ્ટ હરિદ્વાર, શ્રી વાંઢાય તીર્થધામ કચ્છી, શ્રી વાલરામ તીર્થધામ મૂરચબાણ કચ્છ, શ્રી જખૌ તીર્થધામ અને શ્રી સર્વ ઓધવધામોની શુભેચ્છા અને આશિર્વાદ પ્રાપ્ત થયા છે.એમ ટ્રસ્ટીઓ પઠાઈભાઈ ભાનુશાલી તથા તુલસીભાઈ દામાએ જણાવ્યું હતું.

### કોમર્શિયલ અને ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરોની આભાસી અછતનો ગિલીન્ડરો ગેર લાભ લઈ રહ્યા છે

# વાપી પંથકમાં ગેસના મોટા બાટલામાંથી નાનામાં ભરી વેચાણનો ધંધો મંડાયો!



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી પંથકમાં કોમર્શિયલ કે ડોમેસ્ટિક ગેસ સિલિન્ડર ન મળતા લોકોની હાલત પકોડી બની છે તો કેટલાક લોકો મોટા ગેસના બોટલમાંથી રિફિલ કરીને નાના ગેસના બોટલમાં કિલોના રૂા. ૪૦૦ના ભાવે વેચાણ કરી રહ્યા છે અને જરૂરિયાતમંદ ગ્રાહકો તે ખરીદવા મજબૂર બન્યા છે. ઈરાન -ઈઝરાયેલના યુદ્ધ તેમજ ગેસ પુરવઠો સમયસર નહીં આવતા સમગ્ર ભારત દેશમાં કોમર્શિયલ અને ઘરગથ્થુ ગેસ સિલિન્ડરની અછત ઉભી થવા પામી છે. જેને લઈ સરકાર દ્વારા કોમર્શિયલ ગેસનું વેચાણ મોટાભાગે બંધ કરી દેવાયું છે. તેમ છતાં ઘરગથ્થુ ગેસ સિલિન્ડર લોકોને મળવો મુશ્કેલ બન્યો છે. જેને લઈ છેલ્લા ચાર-પાંચ દિવસથી વાપીના ગીતા નગર વિસ્તારમાં રહેતા કેટલાક દુકાનદારો દ્વારા મોટા ગેસના બોટલમાંથી રીફીલ કરીને નાના ગેસના બોટલમાં જરૂરિયાતમંદ લોકોને ઊંચી કિંમતે વેચી રહ્યા છે. જેમાં ગઈકાલે એક જરૂરિયાતમંદ ગ્રાહકને નાના બોટલમાં એક કિલો ગેસ ૪૦૦ રૂપિયાના ભાવે ભરી આપવામાં આવ્યો હતો. આમ વાપીના ગીતા નગર, વાપી ટાઉનના કબ્રસ્તાન રોડ, ચલા તેમજ ખડકલા અને રોફેલ કોલેજ વિસ્તાર તેમજ ડુંગળી ફળિયા, ડુંગરા અને ચણોદ વિસ્તારમાં ખુલ્લેઆમ ગેસ રીફીલ કરવાનું ગેરકાયદે વેચાણ કરવામાં આવી રહ્યું છે. જે અંગે તાત્કાલિક પુરવઠા વિભાગ દ્વારા સ્થળ તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તો ગેરકાયદે ઘરગથ્થુ ગેસનો સંગ્રહ કરી ઊંચા ભાવે વેચાણ કરનારાઓ પાસેથી મોટો જથ્થો મળી આવવાની શક્યતા છે.

# વાપીથી અકસ્માત કરી ભાગેલા ટ્રક ડ્રાઈવરને ડુંગરી પાસે હાઈવે બ્લોક કરી ઝડપી લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વાપીના મોરાઈ હાઈવે પર પૂરઝડપે દોડતી ટ્રકે કારને ટક્કર મારી ભાગેલી ટ્રકે અનેક લોકોને અડફેટે લેતા પોલીસે તેનો પીછો કર્યો અને ટ્રક ૩૦ કિલોમીટર દૂર વલસાડના ડુંગરી હાઈવે પર ડુંગરી પોલીસે હાઈવે રસ્તો બ્લોક કરી ટ્રક ચાલકને ઝડપી પાડ્યો હતો.

ગઈકાલે રાત્રે વાપીના મોરાઈ હાઈવે પર ટ્રક ચાલકે કારને ટક્કર મારી ભાગી છુટયો હતો. જોકે આ કાર ચાલકે ટ્રક ઉભા ઉભી રાખવાના બદલે પૂર ઝડપે હંકારી લઈ જતો હોય તે દરમિયાન રસ્તે અડફેટમાં કેટલાક વાહનોને લીધા હતા તેમ છતાં ટ્રક ચાલકે ટ્રક અટકાવી ન હતી.

જોકે અટકાવવા માટે પોલીસે પણ તેનો પીછો કર્યો હતો જો કે ટ્રક ચાલક પૂર ઝડપે લઈ હંકારી જતા વલસાડ ડુંગરી પોલીસને જાણ કરી હતી. ડુંગરી પોલીસે વલસાડ નેશનલ હાઈવે ૪૮ને બ્લોક કરી દેતા ટ્રક અટકી ગઈ હતી. આ ટ્રક ચાલકે ૩૦ કિલોમીટર સુધી જોખમી ડ્રાઈવિંગ કરી અનેક વાહનો અને રાહદારીઓને અડફેટે લીધા હતા. આખરે ડુંગરી પોલીસે હાઈવે બ્લોક કરી આ સાયકો ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

# પારડી પાલિકાની કારોબારી સભા મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૮ :** પારડી નગરપાલિકા સભાખંડમાં આજરોજ પારડી નગરપાલિકાની કારોબારી સભા મળી હતી. જે કારોબારી સભામાં વિવિધ ટેન્ડર મંજૂર કરવા સાથે વિકાસના કામોને લીલી ઝડી આપવામાં આવી હતી. નગરપાલિકાના સભાખંડમાં કારવારી અધ્યક્ષ ચેતનકુમાર નવીનભાઈ પટેલના પ્રમુખ સ્થાને મળેલી સભામાં જુદા જુદા વિભાગોમાં માલ સામાન ખરીદવાના કામે વાર્ષિક ભાવો મંજૂર કરવામાં આવ્યા હતાં. જેમાં નગરપાલિકા રીનોવેશન કરવાનું કામ, ભારતરત્ન મોરારજી દેસાઈ ઓડિટોરિયમ હોલ રિવેનોશન કરવાનું કામ, વલસાડીઝાપા શોપિંગ સેન્ટર રીનોવેશન, પ્રિમોનસુનની કામગીરી, પાલિકાની મિલકતો ઉપર ફીટ કરેલ સોલાર સિસ્ટમોની સાફ સફાઈ, જુદી જગ્યાએ થ્રીડી પ્રિન્ટિંગ, હેન્ડગ્લોજ યુનિફોર્મ બુટ, સેફટી કેટ સેફટીના સાધનોની ખરીદી, કિલ્લા ઉપર ટાંકી ઉપર સોલાર સિસ્ટમ લગાડવા સહિતના કામોને મંજુરી આપવામાં આવી હતી. હવે સામાન્ય સભા બજેટ અને મંજૂર કરવામાં આવેલા કામોને ચર્ચામાં મૂકી મંજૂર કરવામાં આવશે.

# વલસાડમાં સગીરાની જાતીય સતામણી કરનાર પાડોશીને બે વર્ષની કેદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** એક વર્ષ અગાઉ વલસાડના સહયોગ નગર વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય નરાધમે ધોબી તળાવ વિસ્તારની ધોરણ ૮ માં ભણતી ૧૪ વર્ષીય સગીરાની એકલતાનો લાભ ઉઠાવી લલચાવી ફોસલાવી પોતાના ઘરે બોલાવી અશ્લીલ વિડિયો બતાવનાર અને જાતિય સંતામણી કરનાર ૬૦ વર્ષીય આરોપીને વલસાડની સ્પેશિયલ કોર્ટે બે વર્ષની સજા, રૂા. ૨૦ હજાર રૂપિયાનો દંડ ભરવો, દંડ નહિ ભરે તો વધુ ત્રણ માસની સજા ભોગવતો હુકમ કર્યો છે.

વલસાડ શહેરના સહયોગ નગર વિસ્તારમાં રહેતો નગીનભાઈ મગનભાઈ કુકણા ઉંમર વર્ષ ૬૦ રહે છે. તેઓ તારીખ ૧/૨/૨૦૨૫ ના રોજ બપોરે પોતાના ઘરે ધોબી તળાવ વિસ્તારમાં રહેતીને વલસાડ શહેરની એક શાળામાં ધોરણ ૮માં ભણતી ૧૪ વર્ષીય સગીરાને ઘરે બોલાવી હતી અને આ સગીરાને વિશ્વાસમાં લઈ નરાધમ નદીને તેની પાસે બેસાડી પોતાના મોબાઈલમાં અને લગ્ન વિડીયો બતાવ્યા હતા અને એટલું જ નહીં તેમણે સગીરા સાથે ગંદી હરકત પણ કરી હતી. જેથી ગભરાઈ ગયેલી સગીરા ત્યાંથી ભાગી છુટ્ટી હતી. જે બાદ તેમણે પોતાના ટ્યુશન શિક્ષકને જાણ કરતા ટ્યુશન શિક્ષકે તાત્કાલિક એની માતાને તમામ હકીકત જણાવતા માતા ચોકી ઉઠી હતી. જે અંગે માતાએ બાળ કલ્યાણ સમિતિ અને પોલીસનો સંપર્ક કરી નરાધમ નગીન કુકણા સામે ફરિયાદ નોંધાવતા સીટી પોલીસે તેની તત્કાલિક ધરપકડ કરી હતી. જે અંગેનો કેસ વલસાડના પ્રિન્સિપલ ડીસ્ટ્રીક જજ નીપા રાવલની કોર્ટમાં ચાલતા એ.જી.પી.ભરત પ્રજાપતિની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી, કોર્ટે આરોપી નગીન મગનભાઈ કુકડાને બે વર્ષથી સખત કેદની સજા તેમ જ ૨૦ હજાર રૂપિયા નો દંડ ફટકારવામાં આવ્યો છે દંડની રકમ નહીં ભરે તો વધુ ત્રણ મહિનાની જેમ ભોગવવાનો હુકમ કર્યો છે.



પારડી પંથકમાં આજથી શરૂ થનાર ચૈત્રી નવરાત્રી પર્વની ઉજવણીના પગલે આવેલા અંબા માતાના મંદિરમાં તૈયારીઓ કરવા સાથે ધાર્મિક સામગ્રીઓનું વેચાણ કરતી દુકાનોમાં ભકતોએ વિવિધ પુજાની સામગ્રીઓની ખરીદી કરી હતી.

# બીલીમોરાના એક મકાનમાં મળેલો માંસનો શંકાસ્પદ જથ્થો તપાસ માટે મોકલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૮ :** બીલીમોરા શહેરના ગાયકવાડ મીલ ચાલ વિસ્તારમાં મંગળવાર રાત્રે પોલીસ દ્વારા કાર્યવાહી દરમ્યાન આશરે ૩.૬૦૫ કિલોગ્રામ શંકાસ્પદ માંસ (કથિત ગૌવંશ માસ) મળી આવતા એક મહિલાની અટક કરવામાં આવી છે. માંસના નમૂનાઓને ફોરેન્સિક તપાસ માટે મોકલી કાર્યવાહી હાથ ધરાઈ છે.

બીલીમોરા પોલીસે, ગૌરક્ષક તરફથી મળેલી બાતમીના આધારે બુધવાર રાત્રે ગાયકવાડ મીલ ચાલ ખાતે રહેતી હંસાબેન હરીશભાઈ વાઘેલા (૫૫)ના ઘરે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ઘરમાંથી આશરે ૨.૩૫૫ કિલોગ્રામ રાંધેલું તેમજ ૧.૨૫૦ કિલોગ્રામ કાચું શંકાસ્પદ માંસ મળી આવ્યું હતું. પોલીસ પૂછપરછ દરમિયાન મહિલાએ આ માંસ પાળેલી બિલાડી અને શેરીના કૂતરા માટે લાવ્યા હોવાનું જણાવ્યું હતું. જોકે, પોલીસ દ્વારા કથિત માંસ, પ્રેશર કુકર અને અન્ય વાસણો મળી કુલ રૂા. ૧૩૨૧નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમજ મળેલ માંસના નમૂનાઓને એફએસએલમાં ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. જે રિપોર્ટ આવ્યા બાદ કથિત માંસ ક્યા પ્રાણીનું હતું તે જાણી શકાશે. વધુ તપાસ બીલીમોરા પી.એસ.આઈ ચોસલા કરી રહ્યાં છે.

# વાપી રેલ્વે સ્ટેશને 'એલ્ડર ફ્રેન્ડલી' બનાવવા માટે વિચારાશે ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી રેલવે સ્ટેશનને મુસાફરોને સુવિધાઓના અભાવને લઈ વૃદ્ધો તેમજ દિવ્યાંગ અને જરૂરિયાતમંદ લોકો પરેશાન બન્યા છે. આ રેલવે સ્ટેશનને જરૂરી ટ્રેનના સ્ટોપેજ અને રિઝર્વેશન કોટામાં વધારો કરવાની પણ જરૂર છે તેમજ છેલ્લા ઘણા સમયથી બંધ પડેલી લિફ્ટ શરૂ કરવા તેમજ ઈલેક્ટ્રીક અથવા બેટરી કાર પ્લેટફોર્મ ઉપર દોડાવવાની જરૂર છે.

વાપી રેલવે સ્ટેશન એટલે દક્ષિણ ગુજરાતમાં સુરત પછી સૌથી વધુ રેવન્યુ આપતું રેલવે સ્ટેશન છે. અહીં એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક નગરી એટલે કે વાપી જીઆઈડીસી વિસ્તાર તેમજ સંઘ પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં પણ હજારોની સંખ્યામાં ઉદ્યોગો શરૂ થયા છે. જેને લઈ સમગ્ર દેશ ના તમામ રાજ્યના લોકો અહીં વસી રહ્યા છે. જોકે વાપી રેલવે સ્ટેશનને જરૂરી મુસાફરોને સુવિધાઓનો અભાવ તેમજ હાલમાં જરૂરી એવા તમામ પ્લેટફોર્મ ઉપર વૃદ્ધો અને દિવ્યાંગ તેમજ મુસાફરો માટે ઉપયોગી લીફટ બંધ અવસ્થામાં છે તથા પ્લેટફોર્મ ઉપર બેટરી કાર કે ઈલેક્ટ્રિક કારની સુવિધા શરૂ કરવામાં આવે તેવી માંગો કરાઈ રહી છે જોકે આ અંગે વાપી રેલવે સ્ટેશન એટલે ત્રણ જેટલા સાંસદોને લાગુ પડતા રેલવે સ્ટેશન છે અહીં અનેક જરૂરી ટ્રેનનું સ્ટોપેજ પણ હજુ અપાયું નથી સાથે જે ટ્રેનોનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે તેના રિઝર્વેશન કોટામાં વધારો કરવામાં આવે તો વાપી અને સંઘપ્રદેશ દમણ તથા દાદરાનગર હવેલીમાં રહેતા લોકો માટે વિવિધ ટ્રેનોમાં વાપી રેલવે સ્ટેશનથી મુસાફરી કરવું સહેલું બનશે. જે અંગે વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, દમણના સાંસદ ઉમેશ પટેલ તેમજ દાદરા નગર હવેલીના સાંસદ કલાબેન ડેલકર દ્વારા રેલવે મંત્રી તેમજ લોકસભામાં રજૂઆત કરવાની જરૂર છે. જોકે વાપી રેલવે સ્ટેશન ઉપર સ્ટોપેજ થતી વિવિધ ટ્રેનોમાંથી મુસાફર તરીકે પ્લેટફોર્મ ઉતર્યા બાદ તેઓને પ્લેટફોર્મની બહાર જવું કે અન્ય પ્લેટફોર્મ ઉપર જવા આવવા માટે જરૂરી લિફટ હાલ બંધ અવસ્થામાં છે તેમજ પ્લેટફોર્મ ઉપર જરૂરી બેટરી કાર કે ઈલેક્ટ્રિક કારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી નથી. જે કરવાની પણ ખૂબ જ જરૂરી છે. જો આ વ્યવસ્થા કરવામાં આવે તો વૃદ્ધો તથા બીમાર દર્દીઓ માટે ખૂબ ઉપયોગી થઈ પડશે. સાથે વાપીમાં હાલમાં જે ટ્રેનોનું સ્ટોપેજ નહિવત છે તેવી ટ્રેનનું સ્ટોપેજ આપવામાં આવે તો વાપી દમણ અને સેલવાસ તેમજ અન્ય વિસ્તારના ઉદ્યોગપતિઓ માટે મુંબઈ અમદાવાદ કે દિલ્હી જવા આવવા માટે ખૂબ જ સહેલું બનશે આ અંગે જરૂરી રજૂઆત વલસાડ, દમણ અને દાનહના સાંસદ દ્વારા રેલવે મંત્રીને તેમજ રેલવે વિભાગમાં કરવામાં આવે તેવી વાપીના લોકો માંગ કરી રહ્યા છે.

# અતુલ પંચાયતમાં આગામી ૨૩મી એ યોજનારી ડે. સરપંચની ચૂંટણી હાઈકોર્ટ દ્વારા મૌકુફ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** અતુલ ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર થયાની ફરિયાદ બાદ ડીડીઓએ સરપંચ ડેપ્યુટી સરપંચ તથા એક સભ્યોને સસ્પેન્ડ કર્યો હતો. હાઈકોર્ટે આગામી તા. ૨૩મી માર્ચની ઉપસરપંચની ચૂંટણી મોકૂફ રાખવાનો આદેશ કરતા સમગ્ર અતુલ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

અતુલ ગ્રામ પંચાયતમાં છેલ્લા કેટલાક સમયથી વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર થવાના મામલે વલસાડ જિલ્લા વિકાસ અધિકારી એ કડક વલણ અપનાવી અતુલ ગ્રામ પંચાયતના સરપંચ વિક્રમ નાયકા તેમજ ઉપસરપંચ દર્શન દેસાઈને હોદ્દા પરથી બળતરફ કરવાનો આદેશ કર્યો હતો. પોતાની સત્તા બચાવવા માટે ઉપસરપંચ દર્શલ દેસાઈએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. હાઈકોર્ટમાં અપીલ દાખલ થતા, કોર્ટે તા. ૨૩ માર્ચના રોજ યોજાનારી ઉપસરપંચની નવી ચૂંટણીની પ્રક્રિયા અટકાવી દીધી છે. આ હુકમ બાદ વલસાડ તાલુકા વિકાસ અધિકારીએ તાત્કાલિક અસરથી તલાટી કમ મંત્રીને લેખિત નોટિસ આપી તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ સોમવારના રોજ અતુલ ગ્રામ પંચાયત ખાતે ઉપસરપંચ ની ચૂંટણી સવારે ૧૧-૩૦ કલાકે રાખવા જણાવેલ હતુ. આ ચૂંટણી બાબતે જિલ્લા પંચાયત કચેરી, વલસાડ દ્વારા તત્કાલીન ઉપસરપંચ દર્શલ વિજયભાઈ દેસાઈએ નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે અપીલ અરજી દાખલ કરેલ હોવાથી નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ તરફથી આ બાબતે કોઈ દિશાસુચન ન મળે ત્યાં સુધી નકકી કરેલ અતુલ ગ્રામ પંચાયતની ઉપસરપંચ ની ચૂંટણીની બેઠક મુલત્વી રાખવા આજ્ઞા અનુસાર જણાવવામાં આવેલ છે. જેથી ઉપલી પંચાયત કચેરી તરફથી આ બાબતે અન્ય કોઈ સુચના ન મળે ત્યાં સુધી ઉપસરપંચની હાલ પુરતી ચૂંટણી મુલ્વતી રાખવા નોંધ લેશો. તા. ૨૩ યોજનાની ડેપ્યુટી સરપંચની ચૂંટણી મોકૂફ કરવાનો આદેશ કરતા સમગ્ર અતુલ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

# મહારાષ્ટ્રના ૨૦ મજૂરોનો પરિવાર સાથે મેળાપ કરાવતી ડાંગ પોલીસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૮ :** ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. આર.એસ.પટેલની ટીમ દ્વારા 'ઓપરેશન મિલાપ' અંતર્ગત પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. મહારાષ્ટ્ર ખાતે મજૂરી અર્થે ગયેલા અને છેલ્લા એક અઠવાડિયાથી સંપર્કવિહોણા થયેલા કડમાળ ગામના ૨૦ મજૂરોને શોધી કાઢી, આહવા પોલીસે તેમને સુરક્ષિત રીતે તેમના પરિવાર સાથે મિલાપ કરાવ્યો છે.આહવા પોલીસ સ્ટેશન વિસ્તારના કડમાળ ગામના ૨૦ જેટલા મજૂરો મહારાષ્ટ્ર રાજ્યના નાશિક જિલ્લાના સટાણા તાલુકાના બામણગાવ ખાતે મજૂરી કામ માટે ગયા હતા. છેલ્લા એક સપ્તાહથી આ મજૂરોનો તેમના પરિવાર સાથે કોઈ સંપર્ક થઈ શકતો ન હતો.આ ગંભીર બાબતે ગામના સામાજિક અગ્રણી સુરેશભાઈ ચૌધરીએ ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પુજા યાદવનો સંપર્ક સાધ્યો હતો.રજૂઆત મળતા જ પોલીસ અધિક્ષક પુજા યાદવ એ તાત્કાલિક ધોરણે આહવા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ.પટેલને કાર્યવાહીના આદેશ આપ્યા હતા.નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરીના માર્ગદર્શન હેઠળ આહવા પોલીસની ખાસ ટીમો બનાવવામાં આવી હતી.આહવા પોલીસે મહારાષ્ટ્રની સટાણા પોલીસની મદદ મેળવી તપાસ હાથ ધરી હતી. અંતે, આ તમામ ૨૦ મજૂરોને શોધી કાઢી આહવા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા અને ત્યાં તેમના ચિંતાતુર પરિવારજનો સાથે તેમનું મિલન કરાવવામાં આવ્યું હતુ. અહી વતન પરત ફરતા જ સૌ કોઈનાં મોઢા પર સ્મિત રેલાયું હતુ.અને ડાંગ જિલ્લા પોલીસની કામગીરીને બિરદાવી હતી.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**